# સ્ત્રીશક્તિ
# જાગૃતિના પંથે



GJ
891.478
B 469 S

મીરા ભટ્ટ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# સ્ત્રીશક્તિ
# જાગૃતિના પંથે

મીરા ભટ્ટ

**પરમ પ્રકાશન**
૪૪૭/બી, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮-૨૪૨૦૪૧૦

Library IIAS, Shimla
GJ 891.478 B 469 S
00130327

StriShakti
**Jagrutina Panthe**

સ્ત્રીશક્તિ
**જાગૃતિના પંથે**

891.478
B 469 S

© :
અમી/અનિકેત ભટ્ટ

એપ્રિલ ૨૦૦૩

પ્રત:
૧૧૦૦

Acc. No. 130327
Date 13-9-2010

કીંમત :
રૂ. ૨૦/-

પ્રકાશક :
પરમ પ્રકાશન
૪૪૭/બી શિશુવિહાર સામે,
ભાવનગર- ૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮-૨૪૨૦૪૧૦

ટાઈપ સેટિંગ એને પ્રિન્ટીંગ
લિપિઝ મીડિયા
બી/૧૦, અભિષેક કોમ્પ્લેક્સ,
તખ્તેશ્વર મંદિર પાસે,
વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮-૨૫૨૪૩૯૪, ૨૪૧૧૮૪૭

# અનુક્રમણિકા


પ્રકાશકીય

આમુખ

૧. સ્વસ્થ સંબંધનું આદિચરણ....................૭

૨. નારી જાગરણનાં બે મોજાં..................૧૪

૩. હિંસા અને ભોગવાદના ક્ષેત્રે સંઘર્ષ ૨૧

૪. સમાજરચના સાથે જોડાતી સ્ત્રીશક્તિ..........૨૮

૫. ભારત ક્ષેત્રે નારી જાગરણ...................૩૬

૬. વર્તમાન વિવિધ પ્રવાહો....................૪૧

૭. સખ્ય સંબંધ ક્યારે બનશે?..................૪૯


## અર્પણ

જીવનમાં સાંપડેલ
દેહનિરપેક્ષ સખ્ય સંબંધની
મીઠી ખુશબૂને

# આમુખ

સંબંધ એ મનુષ્ય જીવનની ગુણવત્તાની પારાશીશી છે. એક માણસ બીજા માણસ સાથે કઈ રીતે વર્તે છે, તે પરથી એના જીવનનો આંક નીકળી જાય છે. મનુષ્યોની વિકાસયાત્રાનું આ એક અચૂક માપદંડ છે કે એની પારસ્પરિકતા કેટલી ન્યાયી, સ્વસ્થ, સુંદર અને સૌહાર્દપૂર્ણ બની છે.

જીવન અનેક સંબંધોમાં વિસ્તરે છે. વ્યક્તિ-વ્યક્તિનો સંબંધ પણ હોય છે અને સમૂહનો સમૂહ સાથેનો સંબંધ પણ હોય છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેનો સંબંધ, માનવ-પશુપ્રાણી વચ્ચેનો સંબંધ, વાલી-સંતાન વચ્ચેનો સંબંધ, એ જ રીતે એક સમસ્ત જમાત રૂપે સ્ત્રી-પુરુષનો પરસ્પર -સંબંધ પણ આવે છે. પ્રસ્તુત પુસ્તકમાં સ્ત્રી-પુરુષ-સંબંધ નરવો કેવી રીતે બની શકે, તે મેં નારી-જાગરણના પરિપ્રેક્ષ્યમાં તપાસવાનો પ્રયત્ન કર્યો છે. આ પરિક્ષણનું ફલક સમસ્ત વિશ્વ રાખ્યું છે, કારણ કે સમગ્ર પૃથ્વીપટ પર આ સંબંધમાં ક્રાંતિકારી પલટો લાવવાની જરૂર સમજાય છે.

વિશ્વના પૌર્વાત્ય જગતે ભીતરની દુનિયામાં ઉતરી શૂન્યતામાં ઊંચી છલાંગ મારી છે, પરંતુ વાસ્તવિક જીવનમાં એક સમાજ રૂપે પરસ્પરના સંબંધોની ગુણવત્તામાં એ પાછો પડ્યો છે. પશ્ચિમના દેશોએ બહિર્ઈન્દ્રિયોને પ્રત્યક્ષ સૃષ્ટિ ખેડવામાં સતેજ કરી, બાહ્ય પરિવેશમાં એક સમાજ રૂપે વિકાસ સાધ્યો, પરંતુ તેમ છતાં માનવ-માનવ વચ્ચેની પારસ્પરિકતામાં વિકાસ સધાયો હોય તેવું ત્યાં પણ દેખાતું નથી. પૂર્વમાં સંબંધ

બંધનરૂપ ગણાયો, જ્યારે પશ્ચિમમાં વ્યક્તિવાદ વિકસ્યો. પૂર્વના સંબંધશાસ્ત્રે અને પશ્ચિમના વ્યક્તિવાદે ખાસ કરીને સ્ત્રી-પુરુષ-સંબંધ વચ્ચે એક પ્રકારનો અલગાવ (Alienation), 'પરાયાપણાંનો ભાવ ઊભો કર્યો છે. સ્ત્રી-પુરુષ બંને સાવ લગોલગ હોવા છતાં, આંજે અલગ બનીને જીવી રહ્યાં છે

આમ જુઓ તો, લગભગ દરેકે દરેક માનવીય સંબંધમાં સૌથી નિકટનો સંબંધ સ્ત્રીનો પુરુષ સાથે અને પુરુષનો સ્ત્રી સાથેનો જ હશે. જેમકે, મા-દિકરીનો, પતિ-પત્નીનો, ભાઈ-બહેનનો. સંબંધોમાં કાંઈ એકમેક સાથે જડાઈ જવાનું કે પરસ્પર સાવ ઓગળી જવાનું તો હોતું નથી. સાગર દૂધમાં ઓગળી સમરસ બની સાવ લોપામુદ્રા બની જાય તેવું તો માનવ સંબંધોમાં ક્યારેક અપવાદરૂપ બને. અહીં તો પોતપોતાની મુદ્રા, પોતપોતાનું વ્યક્તિત્વ અખંડ રાખીને જ ફૂલતો ફાલતા સંબંધની વાત છે. આ સંબંધમાં પરસ્પર થોડો અવકાશ થોડી Space, થોડી મોકળાશ તો જોઈએ જ, પરંતુ આ અવકાશ અલગ ચીજ છે અને અલગાવ અલગ ચીજ છે.

વર્તમાન સ્ત્રી-પુરુષ-સંબંધના અલગાવમાં એક પ્રકારનો ભેદભાવ છે. ભિન્નતા જુદી વસ્તુ છે અને ભેદભાવ જુદી વસ્તુ છે. ભિન્નતામાં ઊંચી-નીચી શ્રેણી કે આગળ-પાછળનો ક્રમ નથી હોતો, જ્યારે ભેદભાવમાં ઉપર-નીચેનો ભેદમૂલક અલગાવ હોય છે. કુદરત માટે તો સ્ત્રી-પુરુષ, શારીરિક ભેદ સિવાય બાકી બધામાં અભિન્ન જ હોય છે, પરંતુ માનવ જાતે સ્ત્રી-પુરુષ-ભેદને શરીર સિવાયના ભેદમાં જીવનમાં પણ દાખલ કર્યો છે. ઉચ્ચ-નીચના ભેદભાવે આ સંબંધનું સૌંદર્ય હણી લીધું છે.

*સ્ત્રી-પુરુષ બંનેના શારીરિક ભેદને તમામ સંબંધોમાં વિસ્તારવાની જરૂર નથી. આ ભેદદૃષ્ટિને કામવાસના સંતોષવા માટે લગ્નથી જોડાયલા સાથી પૂરતી સીમિત રાખી, બાકીના તમામ સંબંધોમાં સ્ત્રી-પુરુષ-અભેદ દૃષ્ટિ ખીલવવી પડશે.*

*આખરે તો બંને માનવ છે. પરસ્પર એકમેકને માનવરૂપે સ્વીકારી સ્વસ્થ માનવતાનો, બંધુતાનો, સખ્યતાનો સંબંધ વિકસાવવો એ જ સાંસ્કૃતિક આરોહણનું આગલું કદમ હોઈ શકે. સ્વસ્થ સંબંધ, સ્વતંત્રતા-સમાનતા અને બંધુતાની ત્રિપાઈ ઉપર મંડિત થાય છે. સંબંધ હોય, છતાંય પરસ્પર-નિર્બંધતા હોય, મુક્તતા હોય! નારી-જગત સાથે મારી જેટલી નિસ્બત છે, તેટલી જ પુરુષ જગત સાથે છે. એટલે જ સ્ત્રીપુરુષસંબંધ નરવો-ગરવો, સ્વસ્થ-સુંદર બને એ જોવા માટે હું તલપાપડ છું, એટલે જ આ ઊઠબેસ આદરી છે. એ સાર્થક સિદ્ધ થાય એમ જ ઝંખુ ને?*

— મીરા ભટ્ટ

૪૪૭/બી, શિશુવિહાર સામે,
ભાવનગર.

**આ ભેદ આવ્યો ક્યાંથી?**

ચાલી આવેલી ઉછેર-પદ્ધતિને પરિણામે નારીમાં ચંદ્રની શીતળતા,
માધુર્ય, [illegible]
[illegible]
[illegible]
[illegible] સ્થાપના માટે લડતો
આપવી [illegible]
[illegible]
[illegible]
[illegible] છતાંય એને પાંખો બીડેલી રાખવી પડે તેની વેદના તો
પેલું [illegible] સંઘર્ષ એ કોઈ વર્ગીય કે જાતીય
સમસ્યા ન [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
કાંઈ [illegible] છે. પણ પોતે વાંચતો હોય કે અમથો આડો પડ્યો
હોય [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
ગૌરવ [illegible] આભ ભરીને ઊડતાં હજુ
શીખવું [illegible]
કેવી [illegible] એનો કોઈ તાદૃશ ઈતિહાસ આપણી પાસે નથી. જે કાંઈ
તારણો કે [illegible]
[illegible] તેમ છતાં ય એના
આધારે [illegible]
[illegible] ધુરંધરોએ પુરુષ-

## આદિકાળમાં ડોકિયું

અત્યંત આદિકાળમાં, પાષાણ યુગમાં મનુષ્ય ટોળકીઓ બનાવીને જંગલોમાં શિકાર માટે ઘૂમતો રહેતો. પેટની ભૂખ અને શરીરની કામવાસના સંતોષવામાં જ માનવ જીવન સમાપ્ત થઈ જતું. પુરુષો શિકાર કરીને લાવે, સ્ત્રીઓ એને રાંધી આપે અને બાળબચ્ચાંને ઉછેરે-આવું સહજ કાર્યવિભાજન થઈ ગયું હશે. ધીરે ધીરે વિવિધ ટોળકીઓના વિવિધ કબીલા બનતા ગયા હશે. તે જમાનામાં બાળકનું માતૃત્વ તો સહજ નક્કી થતું, પરંતુ પિતૃત્વ નક્કી કરવાનો કોઈ ઉપાય હાથ નહોતો આવ્યો.

પરંતુ પાષાણયુગનું રૂપાંતર કૃષિયુગમાં થયું ત્યારે માણસોની જીવનશૈલી બદલાઈ. પ્રખ્યાત ઇતિહાસકાર ટોયન્બીના લખવા મુજબ તો આ ખેતીની શોધ પણ સ્ત્રીઓ દ્વારા જ થઈ, માંસાહાર ઉપરાંત વનફળ એ મનુષ્યનો આદિ-ખોરાક, પણ વનસ્પતિને પણ આહારરૂપે લઈ શકાય એ દૃષ્ટિએ કૃષિકાર્ય કરવાનું સંશોધન સ્ત્રીઓ દ્વારા થતું હોય એ સ્વાભાવિક પણ લાગે છે, પુરુષ કરતાં સ્ત્રીઓનું જીવન પ્રમાણમાં વધારે સ્થિર હતું. એટલે વિવિધ પ્રયોગો કરવાનો અવકાશ પણ રહેતો હશે. કૃષિની શોધ ગમે તેણે કરી હોય. પણ માનવ જીવનમાં એણે ધરખમ ફેરફાર કર્યા.

## કૃષિયુગની બે દેણ

કૃષિયુગમાં માનવજાતને બે નવાં પરિમાણો મળ્યાં. જીવન સ્થિર થતાં, માણસને ઘર મળ્યું અને સાથે પરિવાર પણ. સ્ત્રી-પુરુષ-સંબંધમાં સ્થાયીપણું વધ્યું, ચોક્કસાઈ આવી, પરિણામે ‘કુટુંબ’ નામની સંસ્થા આપોઆપ સર્જાતી આવી અને માનવજીવનનું પોતાના ઉપરાંતનું એક નાનામાં નાનું ઘટક રચાયું. માબાપ અને સંતાનોનું. આટલા નાના ઘટકમાં પ્રમુખ-ગૌણ કે ઊંચ-નીચની શ્રેણી દાખલ કરવાનું કશું પ્રયોજન તો નહોતું જ, પણ માણસમાં પડેલી

સત્તાલાલસાએ પોતાનું વર્ચસ્વ સ્થાપવાનું વલણ પ્રગટ કર્યું હશે અને સ્વભાવે શરણશીલ એવી સ્ત્રીએ પુરુષોનું આ વર્ચસ્વ સ્વીકારી લીધું હશે. ધીરે ધીરે ખેતીમાં પણ વધારે ને વધારે જમીન પર કબ્જો મેળવી લેવાના લોભમાં માણસને વધારે માણસોની જરૂરિયાત ઊભી થતાં ધીરે ધીરે ગુલામોની પ્રથા શરૂ થઈ હશે. 'બળિયાના બે ભાગ' મુજબ, આ જ ક્રમમાં સ્ત્રીઓ પણ ગુલામવર્ગમાં દાખલ થઈ ગઈ હશે.

સ્ત્રીઓ સ્વભાવથી જ અનાક્રમક હોવાને કારણે પુરુષના આ આધિપત્યનો વિરોધ ન કર્યો હોય એમ પણ બને. પરસ્પરની સગવડને કારણે કાર્યવિભાજન થયું હોય, પરંતુ ધીરે ધીરે એમાં પણ સ્વભાવવશ સ્વામી-દાસીની ભૂમિકા પ્રતિષ્ઠિત થઈ ગઈ હશે, ધીરે ધીરે સંગીત-સાહિત્ય જેવી કળાઓ વિકસતી ગઈ ત્યારે સ્ત્રી-પુરુષના આ પ્રમુખ-ગૌણ સંબંધને પણ રૂડાં-રૂપાળાં નામ અને ઉપમા અપાતાં ગયાં. तूं गगन का चंद्रमा और मैं धरा की धूल हुँ...જેવાં અર્થવાળાં ગીતોએ નારી ચેતનાને એક ચોક્કસ બીબામાં વહેતી કરી મૂકી અને સ્ત્રી ધીરે ધીરે પોતે જ વિસરતી ચાલી કે એનું મૂળ સ્વરૂપ કયું છે અને એનું આરોપિત રૂપ કયું છે!

બીજા સંબંધોમાં નથી હોતું, તેવું અનન્ય-અદમ્ય આકર્ષણ સ્ત્રી-પુરુષ સંબંધમાં હોય છે. આ પરસ્પર-આકર્ષણનું રૂપાંતર પરિશુદ્ધ પ્રેમમાં થાય તો એ સ્વર્ગ રચી શકે, પરંતુ એમાં માલિકીની ભાવના જેવાં દૂષણો ભાગ ભજવવા માંડે તો તે શોષણ કરવા સુધી પહોંચી જાય. પુરુષચિત્તમાં પડેલી આધિપત્યવૃત્તિએ સ્ત્રીને શાસિત અને શોષિત વર્ગમાં દાખલ કરી દીધી.

## ભારતમાં અગાઉ અભેદ દૃષ્ટિ

ભારતની સંસ્કૃતિ સૌથી પુરાણી સંસ્કૃતિ મનાય છે. વેદ એ સર્વપ્રથમ આદિગ્રંથ મનાય છે. આ ગ્રંથના રચયિતાનાં નામ મળતાં નથી. એ ઋષિ પુરુષ પણ હોઈ શકે, સ્ત્રી પણ હોઈ શકે, પરંતુ કેટલીક ઋચાઓ ઋષિકન્યાના નામે કહેવાઈ છે એટલે સંભવ છે કે

મહદંશે આર્ષદૃષ્ટા પુરુષ જ હોય! તેમ છતાં ય, એ આદિકાળમાં સ્ત્રી-પુરુષ સંબંધમાં ડંખ મારે તેવી કોઈ વિષમતા ડોકિયું કરતી જોવા નથી મળતી, બલ્કે જ્ઞાનના પ્રદેશમાં સિંહણ બનીને ગર્જના કરતી સ્ત્રીપાત્રો જોવાં મળે છે, જે સૂચવે છે કે એ કાળે સ્ત્રીજાતિ તરફ જોવાની એક સ્વસ્થ દૃષ્ટિ પ્રવર્તતી હશે.

ત્યારે પછી જેમ જેમ કાળ વહેતો ગયો, તેમ તેમ પરિવાર અને સમાજમાં સ્ત્રીનું સ્થાન ગૌણ થતું ચાલ્યું અને સ્ત્રીની ભૂમિકા પુરુષના પરિપ્રેક્ષ્યમાં જ મૂલવવાનો આરંભ થયો. આદિકાળની ઋષિકન્યાએ કહ્યું अहं राष्ट्री संगमनी वसूनाम । હું સમસ્ત રાષ્ટ્ર છું અને મારામાં સમસ્ત સંપત્તિઓનો સંગમ થાય છે, તે જ સ્ત્રી માટે પુરુષરચિત શાસ્ત્રોએ કહ્યું – कार्येषु मंत्री, भोज्येषु माता, शयनेषु रंभा.. સ્ત્રીનાં વિવિધ કમનીય અને મોહક રૂપ ખરાં, પણ કાર્ય-ભોજન-શયન-સેવા કોનાં? તો, અલબત્ત, પુરુષનાં જ! એક બાજુ 'નારી જ્યાં પૂજાય ત્યાં દેવોનો વાસ' જેવો વાણીવિલાસ અને બીજી બાજુ વાસ્તવમાં 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ'નો દૃષ્ટિકોણ! તેમાં ય મુસ્લિમોના આક્રમણ પછી તો ભારતમાં પડદા પ્રથા પણ દાખલ થઈ ગઈ અને સ્ત્રી ચાર દિવાલોમાં એવી કેદ થઈ ગઈ કે એના માટે 'પતિ એ જ પરમેશ્વર'ની ગતિ રહી રહી. ધીરે ધીરે બાળલગ્નો, સતીપ્રથા, દહેજ-કરિયાવર અને આકરું વૈધવ્ય સ્ત્રીઓ પર લદાતું ગયું અને સ્ત્રીઓની હાલત પાંજરામાં પુરાયેલા પંખી જેવા કપાયલી પાંખ સમી અસહાય બની ગઈ. ધીરે ધીરે સ્ત્રી પોતાની મૂળભૂત અસ્મિતા સાવ ખોઈ બેઠી અને પુરુષની જેમ એ પણ પોતાને એક 'સાધન' એક 'ઢીંગલી' માનતી થઈ ગઈ.

'સ્ત્રી-ઉપભોગનું એક સાધન' – આ દૃષ્ટિએ સ્ત્રી માટે નર્ક રચ્યું. આ એક ભયંકર દેહદ્રોહ હતો. મનુષ્યો ને જે ચેતના મળી છે, તેમાં દેહ તો દેહને પેલે પાર વસતી ચેતનાનો પરિચય પામવાનું એક સાધન માત્ર છે. એના બદલે નારી દેહ પુરુષોની વાસના સંતોષવાનું એક સાધન અને માનવવંશને સતત ટકાવી રાખવાનું એક સાધન

બની રહ્યો! પોતાના દેહ સાથેના આવા અક્ષમ્ય દ્રોહને પરિણામે સ્ત્રી ઠેઠ વેશ્યાગારમાં પહોંચી ગઈ. સ્ત્રીનો દેહ એક બઝારની ચીજ બની ગયો. આફ્રિકા જેવા દેશમાં સ્ત્રીનું કૌમાર્યભંગ ન થાય તે માટે જન્મ સાથે જ છોકરીની યોનિને સીવી લેવાની ક્રુર પ્રથા દાખલ થઈ, જેથી પ્રથમ સોહાગરાતે દુલ્હારાજા પરીક્ષા કરી શકે કે દુલ્હનની અક્ષતયોનિ છે કે કેમ!

## દીકરી અળખામણી બની

સ્વાભાવિક છે કે સમાજમાં જેનું પ્રાધાન્ય હોય, તેની માંગ વધે એટલે જ ધીરે ધીરે દીકરો કુળનો દીપક અને દીકરી પાણો બનતી ચાલી. આદિગ્રંથોમાં સ્ત્રીનું કન્યારૂપ અને માતૃરૂપ મંગળ મનાયું છે. કન્યાની વ્યાખ્યા જ कं नयति इति कन्य - બ્રહ્મ તરફ દોરી જાય છે તે કન્યા આવી થઈ. ભારતના દક્ષિણ છેડે 'કન્યાકુમારી' મંદિર સ્થાપી ભારતીય સંસ્કૃતિએ કન્યારૂપને પૂજનીય માન્યું, એ જ રીતે ઉત્તરમાં 'વિષ્ણો દેવી'ની સ્થાપના કરી માતૃરૂપે પ્રણમ્ય ગણ્યું. બંગાળમાં નાનકડી દીકરીને પણ 'મા' કહેવાનો રિવાજ ચાલ્યો આવે છે. એટલે આરંભે સંસ્કૃતિમાં આ શુભદૃષ્ટિ હતી જ, પત્ની પણ સહધર્મચારિણી જ હતી, છતાં ય ધીરે ધીરે દીકરો દોહ્યલો અને દીકરી વસમી થતી ચાલી. આખી દુનિયામાં આ દોર ચાલ્યો. દીકરીઓને દૂધ-પીતી કરવાનાં જાત જાતના ઉપાયો શોધાયા. યહૂદી ધર્મમાં દીકરો જન્મે તો મીણબત્તી સળગાવવાની અને દીકરા વતી પ્રભુને પ્રાર્થના કરવાની કે Thank god that you made me a gentile and not a woman પશ્ચિમી લેખક વિલ ડ્યૂરા લેખે છે કે નારીવાદી ગણાતા પ્લેટોએ પણ આ માનસિકતા પ્રગટ કરી કે 'ઇશ્વરે મને સ્ત્રી ન બનાવતાં પુરુષ બનાવ્યો તે બદલ હું એનો આભારી છું.

દીકરા-દીકરીના ભેદની હજારો કહાણીઓ છે. માનવ ઇતિહાસની ભારે મોટી કલંકકથા છે આ. તેમાં ય વિજ્ઞાનની સોનોગ્રાફીની શોધે તો આ કલંકને કાળુંડિમાંગ કરી મૂક્યું છે. કહેવા

ખાતર તો કહેવાય છે કે ગર્ભસ્થ બાળકનું આરોગ્ય તપાસવા સોનોગ્રાફી થાય છે, પણ આ સોનોગ્રાફી થયા પછી દુનિયામાં કરોડો ગર્ભો પાડી નંખાયા, તે દીકરીઓના હતા, આ હકીકત શું સૂચવે છે?

આજે આપણે સમાજનાં સ્થાપિત હિતો સામે વિદ્રોહ પોકારીએ છીએ, પરંતુ વાસ્તવિકતા આ છે કે આજે પુરુષ-માનસ એક મોટામાં મોટું સ્થાપિત હિત બની ગયું છે. સમસ્ત સૃષ્ટિ પુરુષને માટે જ સર્જાઈ છે, આ માનસિકતામાંથી પુરુષ બહાર નહીં આવે, ત્યાં સુધી સમાજનો સ્વસ્થ વિકાસ અસંભવ છે. સ્ત્રીના સ્વતંત્ર, પુરુષ-નિરપેક્ષ વ્યક્તિત્નો સ્વીકાર પુરુષ માનસે કરવો જ પડશે. સ્ત્રીએ પણ પોતાની આ સ્વતંત્ર-ચેતનાનો આત્મપ્રત્યય જગાડવો પડશે, આ છે નારી જાગરણનું પ્રથમ ચરણ! સ્વસ્થ સ્ત્રી-પુરુષ સંબંધનું-આદિ-ચરણ.

## 2
# નારી-જાગરણનાં બે મોજાં

સ્ત્રી-પુરુષ-સંબંધ વચ્ચે તીરાડ સમસ્ત વિશ્વમાં વર્તાય છે. જેમ જેમ સ્ત્રીઓ જાગતી થઈ, તેમ તેમ એમને પોતાની ગુલામીનું ભાન થતું ગયું. પ્રાશ્ચાત્ય જગતના પરિપ્રેક્ષ્યમાં જોઈએ છીએ તો ત્યાં પણ સ્ત્રી-પુરુષ વચ્ચે લૈંગિક અસમાનતા અને અન્યાય-અત્યાચાર સમાજના બંધારણમાં જ જોવા મળતા હતા. ઓગણીસ અને વીસમી સદીમાં આખા વિશ્વમાં જાગૃતિનું જે મોજું ફરી વળ્યું, તેમાં સ્વાતંત્ર્ય અને સમાનતાની માંગ બુલંદ રીતે ગાજી ઊઠી. સ્થાપિત હિતો સામે શોષિતોનો વિદ્રોહ જાગ્યો અને અમીરો સામે ગરીબો, માલિકો સામે મજૂરો, સવર્ણો સામે દલિતોએ અવાજ ઊઠાવ્યો, એ જ રીતે પુરુષો સામે સ્ત્રીઓનો પણ વ્યાપક અને પ્રચંડ વિરોધ વિશ્વભરમાં જાગ્યો.

### પ્રથમ તબક્કે વિરોધ

પશ્ચિમી જગતમાં વીસમી સદીમાં નારી-જાગૃતિનાં જે આંદોલનો થયાં તેને આપણે ત્રણ તબક્કામાં તપાસી શકીએ. ટૉફલરની ભાષામાં એને ત્રણ કે ચાર મોજાં રૂપે પણ મૂલવી શકીએ. પુરુષોના આધિપત્ય સામે આંદોલનરૂપે જે વિદ્રોહ જાગ્યો તે 'નારીવાદ' રૂપે પ્રગટ થયો. નારીવાદનું આ પ્રથમ મોજું, એટલે પુરુષોના આધિપત્ય સામે પ્રચંડ વિદ્રોહનું મોજું. આ તબક્કામાં જે કાંઈ કાર્યક્રમો કે ચિંતનચક્ર ચાલ્યું તે મહદંશે પ્રતિક્રિયાત્મક, પ્રત્યાઘાત રૂપે ચાલ્યું અને આ પુરુષ-વિરોધ એવો જાગ્યો કે સ્ત્રી-પુરુષોની છાવણીઓ જાણે સામસામે ગોઠવાઈ ગઈ, એવું સ્વરૂપ નિર્માણ થયું. કેટલીક સ્ત્રીઓના આ નારીવાદી માનસે History એટલે કે His-story કહી, Her-storyની માંગ ઊભી કરી. સ્ત્રીઓનાં નામ આગળ મિસ કે મિસિસ લખાતું, તેનો વિરોધ કર્યો. જાહેરમાં સ્ત્રીઓના અંતઃવસ્ત્ર સળગાવી

ખાતર તો કહેવાય છે કે ગર્ભસ્થ બાળકનું આરોગ્ય તપાસવા સોનોગ્રાફી થાય છે', પણ આ સોનોગ્રાફી થયા પછી દુનિયામાં કરોડો ગર્ભો પાડી નંખાયા, તે દીકરીઓના હતા, આ હકીકત શું સૂચવે છે?

આજે આપણે સમાજનાં સ્થાપિત હિતો સામે વિદ્રોહ પોકારીએ છીએ, પરંતુ વાસ્તવિકતા આ છે કે આજે પુરુષ-માનસ એક મોટામાં મોટું સ્થાપિત હિત બની ગયું છે. સમસ્ત સૃષ્ટિ પુરુષને માટે જ સર્જાઈ છે, આ માનસિકતામાંથી પુરુષ બહાર નહીં આવે, ત્યાં સુધી સમાજનો સ્વસ્થ વિકાસ અસંભવ છે. સ્ત્રીના સ્વતંત્ર, પુરુષ-નિરપેક્ષ વ્યક્તિત્નો સ્વીકાર પુરુષ માનસે કરવો જ પડશે. સ્ત્રીએ પણ પોતાની આ સ્વતંત્ર-ચેતનાનો આત્મપ્રત્યય જગાડવો પડશે, આ છે નારી જાગરણનું પ્રથમ ચરણ! સ્વસ્થ સ્ત્રી-પુરુષ સંબંધનું-આદિ-ચરણ.

# 2
# નારી-જાગરણનાં બે મોજાં

સ્ત્રી-પુરુષ-સંબંધ વચ્ચે તીરાડ સમસ્ત વિશ્વમાં વર્તાય છે. જેમ જેમ સ્ત્રીઓ જાગતી થઈ, તેમ તેમ એમને પોતાની ગુલામીનું ભાન થતું ગયું. પ્રાશ્ચાત્ય જગતના પરિપ્રેક્ષ્યમાં જોઈએ છીએ તો ત્યાં પણ સ્ત્રી-પુરુષ વચ્ચે લૈંગિક અસમાનતા અને અન્યાય-અત્યાચાર સમાજના બંધારણમાં જ જોવા મળતા હતા. ઓગણીસ અને વીસમી સદીમાં આખા વિશ્વમાં જાગૃતિનું જે મોજું ફરી વળ્યું, તેમાં સ્વાતંત્ર્ય અને સમાનતાની માંગ બુલંદ રીતે ગાજી ઊઠી. સ્થાપિત હિતો સામે શોષિતોનો વિદ્રોહ જાગ્યો અને અમીરો સામે ગરીબો, માલિકો સામે મજૂરો, સવર્ણો સામે દલિતોએ અવાજ ઊઠાવ્યો, એ જ રીતે પુરુષો સામે સ્ત્રીઓનો પણ વ્યાપક અને પ્રચંડ વિરોધ વિશ્વભરમાં જાગ્યો.

## પ્રથમ તબક્કે વિરોધ

પશ્ચિમી જગતમાં વીસમી સદીમાં નારી-જાગૃતિનાં જે આંદોલનો થયાં તેને આપણે ત્રણ તબક્કામાં તપાસી શકીએ. ટૉફલરની ભાષામાં એને ત્રણ કે ચાર મોજાં રૂપે પણ મૂલવી શકીએ. પુરુષોના આધિપત્ય સામે આંદોલનરૂપે જે વિદ્રોહ જાગ્યો તે 'નારીવાદ' રૂપે પ્રગટ થયો. નારીવાદનું આ પ્રથમ મોજું, એટલે પુરુષોના આધિપત્ય સામે પ્રચંડ વિદ્રોહનું મોજું. આ તબક્કામાં જે કાંઈ કાર્યક્રમો કે ચિંતનચક્ર ચાલ્યું તે મહદંશે પ્રતિક્રિયાત્મક, પ્રત્યાઘાત રૂપે ચાલ્યું અને આ પુરુષ-વિરોધ એવો જાગ્યો કે સ્ત્રી-પુરુષોની છાવણીઓ જાણે સામસામે ગોઠવાઈ ગઈ, એવું સ્વરૂપ નિર્માણ થયું. કેટલીક સ્ત્રીઓના આ નારીવાદી માનસે History એટલે કે His-story કહી, Her-storyની માંગ ઊભી કરી. સ્ત્રીઓનાં નામ આગળ મિસ કે મિસિસ લખાતું, તેનો વિરોધ કર્યો. જાહેરમાં સ્ત્રીઓના અંતઃવસ્ત્ર સળગાવી

હોળી કરવાના કાર્યક્રમો પણ થયા. આવા આત્યંતિક વલણો સાથે સૌ સ્ત્રીઓ સંમત નહોતી જ. કેટલીક બહેનોને તો Feminist ગણાવું તે ગાળરૂપ પણ લાગતું અને એ યોગ્ય રીતે કહેતી કે પુરુષોના અન્યાય હરગીજ સાંખી ન લેવો જોઈએ તે વાત સાવ સાચી, પણ તેથી કરીને તમામ પુરુષોમાં ધણીપણાની જ વૃત્તિ છે તેવું માનવું અન્યાય ભરેલું છે.

પરંતુ બીજી બાજુ, નારીવાદીઓના આ રોષ સામે વ્યાજબી કારણો નહોતાં, તેવું પણ કહી શકાય એમ નહોતું. પુરુષ પ્રાધાન્યવાળા સમાજે રચેલાં શાસ્ત્રોમાં પણ પુરુષજાતિનું ગૌરવ અને સ્ત્રીજાતિની અવહેલના જોવા મળતી. સેન્ટ પોલનું માનવું હતું કે 'જે રીતે ઈશુને વરિષ્ટ ગણવામાં આવે છે તે રીતે કુટુંબમાં પુરુષને પ્રમુખ વ્યક્તિ તરીકેનું માન મળવું જોઈએ. સ્ત્રી એટલે 'અનિષ્ટનું દ્વાર' પણ ગણાતી. ઑલ્ડ ટેસ્ટામેન્ટમાં સૃષ્ટિકર્તા દ્વારા પુરુષોને કહેવાયું છે કે – હે પુરુષ, તારા ભોગ માટે મેં જેમ જંગલ-પાણી-ફળ-ફૂલ પેદા કર્યા છે, એ જ રીતે સ્ત્રી પણ તારા જ ભોગવિલાસ માટે પેદા કરી છે. મધ્યયુગમાં બહુપત્નીત્વ આવ્યું, પરિણામે સ્ત્રીની ભૂમિકા ઘરના નોકરની બનતી ગઈ. પર્લ બકના પુસ્તકને આધારે જાણી શકાય છે કે ચીનમાં ચાળીસ વર્ષની ઉંમર પછી પતિને પત્ની ઉપરાંત 'કન્કક્યૂબાઈન' એટલે કે ઉપ-પત્નીની વિધિપૂર્વક વ્યવસ્થા કરી દેવાતી જેથી એ જૂવાન સ્ત્રીઓનો સહચાર માણી શકે. કુટુંબપ્રથા શરૂ થવાને લીધે, પુરુષની સ્વેચ્છાચારી ભોગવૃત્તિને સંતોષવા વેશ્યા વ્યવસાય પણ શરૂ થયો. એક અનિવાર્ય અનિષ્ટ રૂપે સમાજે પણ એનો સ્વીકાર કર્યો.

અઢારમી સદીમાં ફ્રાંસમાં ક્રાંતિ આવી એને 'રેનસાં' એટલે કે 'પુનર્જાગરણ' કહેવાયું. ઈટાલીમાં પણ રાજ્યક્રાંતિ થઈ, પરિણામે સમાજમાં જનજાગૃતિ વધી અને પ્રબુદ્ધ નાગરિકોનું ઓજસ પ્રગટ થયું. આ ગાળા દરમ્યાન, પુરુષો તેમ જ સ્ત્રી લેખકો દ્વારા સ્ત્રી વિકાસની તરફદારી કરતા સાહિત્યનું નિર્માણ થયું. એ કાળના પ્રસિદ્ધ પૉલેની ડી લા બેરે સ્ત્રીઓને શિક્ષિત કરવા ઉપર ભાર મૂક્યો. ડિરોરટે

કહ્યું કે સ્ત્રીઓની અવદશા માટે સમાજ જ જવાબદાર છે. ઓગણીસમી સદીના અંત સુધીમાં કેનેડાની સ્ત્રીઓએ સમાનતા અને સામાજિક નયાય માટે સંગઠિત થવાનું આરંભી દીધું હતું, તેમ જ કાયદાકીય ક્ષેત્રમાં સ્ત્રીઓના પક્ષે કેટલીક અનુકૂળતાઓ પણ સિદ્ધ કરી લીધી હતી. ૧૮૯૩માં ન્યૂઝીલેન્ડની સ્ત્રીઓને મતાધિકાર મળ્યો. ઇંગ્લેન્ડની સ્ત્રીઓને ઠેઠ ૧૯૨૯માં પૂર્ણ સ્વરૂપના રાજકીય હક્કો મળ્યા. જર્મનીમાં ૧૮૬૫થી મતાધિકાર માટે લડત શરૂ થઈ ગયેલી, પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ બાદ આ હક્ક મળ્યા. અમેરિકા અત્યાધુનિક દેશ કહેવાય, પરંતુ ત્યાની સ્ત્રીઓને પણ મતાધિકાર મેળવવા ખાસ્સી ઊઠબેસ કરવી પડી, સંસદ સામે ઇંડાં ફેંકાયાં, કેટકેટલો પ્રચાર - સભા, સરઘસ અને વ્યાપક આંદોલનો કરવાં પડ્યાં.

૧૯૬૦ સુધીમાં નારી-જાગરણનું એક વ્યાપક આંદોલનનું સ્વરૂપ આવતું ગયું. દરમ્યાન, બહેનોના ધ્યાનમાં આ વાત આવી ગઈ હતી કે Sister hood is powerful. એટલે વિવિધ સંગઠનોએ એક રાજ્યવ્યાપી સંગઠન 'ધ વાનકુંવર વિમેન્ટ કોકસ' નિર્માણ કર્યું. ૧૯૭૦માં નારીવાદી ઢંઢેરો પણ બહાર પડ્યો અને વિવિધ નારીવાદી સામયિકો પણ શરૂ થયાં. આરંભમાં ચેતનાજાગૃતિનું કામ રહ્યું, પરંતુ ધીરે ધીરે સ્ત્રીઓ માટે શિક્ષણ, આરોગ્ય કેન્દ્રો, ઘોડિયાં ઘર, પ્રસૂતિ ગૃહો, ત્યક્તા સ્ત્રીઓ માટે આશ્રયગૃહો જેવાં વિવિધ કામો પણ આરંભાયાં.

નારીજાગરણના આ પ્રથમ તબક્કામાં, એટલે કે વીસમી સદીના ઉત્તરાર્ધમાં, ૧૯૭૧ દરમ્યાન ચારેક પુસ્તકો સ્ત્રીલેખિકા દ્વારા એવાં પ્રગટ થયાં કે જેણે આખા યૂરોપ-અમેરિકામાં ખળભળાટ મચાવી દીધો. આમાં ૧. જર્મન ગ્રીયરનું 'ધ ફિમેલ યુનેક ૨. ઈવા ફિન્સનું Patrical a Hitudes ૩. કેરી મિલેટનું Sexual Politics અને ૪. સાયમન ધ બેવોનું 'ધ સેકન્ડ સેક્સ'. સાયમને પોતાના પુસ્તકમાં જીવશાસ્ત્રથી માંડીને આદિ ઐતિહાસિક તથા સામાજિક-રાજકીય-આર્થિક ક્ષેત્રના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીની યથાર્થ વાસ્તવિકતા ખોલીને સ્ત્રીના

મનોજગતનું મનોવૈજ્ઞાનિક વિશ્લેપણ આપ્યું. અત્યારસુધી જાતીય જીવન વિષે સ્ત્રીઓ તરફથી એક હરફ પણ ઉચચારાયો નહોતો, જ્યારે સાયમને જાતીય જીવનમાં પણ પુરુષોની આક્રમકવૃત્તિને કારણે પેદા થતા માનસિક પ્રશ્નોની છણાવટ કરી. આ જ પુસ્તકમાં સાયમને સ્ત્રીઓના સમલૈંગિક સજાતીય સંબંધની ચર્ચા પણ કરી છે.

કેરી મિલેટના પુસ્તકમાં તો યૌન-ક્રાંતિની જ વાત કહેવાઈ. લેખિકાએ લિંગને આધારે ઊભા થતા તમામ ભેદોને ખત્મ કરવા લગ્નસંસ્થાને જ નકારી. એનું તો માનવું છે કે સમાજના તમામ ભેદો અને શોષણ પાછળ આ યૌન-સિદ્ધાંત જ કામ કરે છે. સ્ત્રી શોષણ બંધ થશે તો બાકીનાં તમામ શોષણોનો અંત આવશે. ઓસ્ટ્રેલિયામાં જન્મેલી જર્મન ગ્રીયરે એના પુસ્તકમાં નારીમુક્તિ માટે મુક્ત સહચારની વાત કરી.

આવી વિચારધારાને પરિણામે વિશ્વની સમાજમાં એક સભાનતા તો આવી, પણ સાથોસાથ અસ્થિરતા પણ આવી. લગ્નબંધનો ઢીલાં પડ્યાં, કુટુંબો તૂટ્યાં, બાળકો રઝળ્યાં અને પરિણામે વિદ્રોહી નવી પેઢી તૈયાર થઈ. જો કે જર્મન ગ્રીયરનું છેલ્લું પુસ્તક છે 'Sex and desting', જેમાં અનુભવને આધારે વિચારો બદલાવાને કારણે સ્વૈરાચારને બદલે મર્યાદા તથા બાળકો પ્રત્યેની માબાપની જવાબદારીની વાતો રજૂ કરી છે. હવે એ વિશ્વભરની સ્ત્રીઓને વીનવે છે કે "અમે જે ભૂલો કરી તે તમે ન કરતાં. શિખર પર પહોંચવા માટે અમે કંડારેલી કેડી એકમાત્ર કેડી નથી. તમે તમારી નવી જ કેડી કંડારજો!" એક બાજુ પશ્ચિમની નારીની વ્યક્તિવાદિતા, બીજી તરફ પછાત દેશોની નારીની પોતાની અસ્મિતા પ્રગટાવવાનો તલસાટ, આ બંને વાસ્તવિકતાએ વચ્ચે કોક અદીઠી સૂક્ષ્મ રેખા પડી છે, જેના પર ચાલીને નારી જગતે મુક્તિની દિશા શોધવાની છે.

આ 'યૌન-ક્રાંતિ'ની ધગશમાં જ, નારી-મુક્તિના નામે સ્ત્રીઓના સજાતીય સંબંધને કાનૂની મહોર મળે તે માટેની ચળવળો પણ ચાલી. સ્ત્રીઓનું સજાતીય સહજીવન શરૂ થાય તો પોતાના

જીવનમાંથી પુરુષનો સદંતર નિકાલ કરી શકાય, આ વિચાર અત્યંત બાલિશ અને પ્રત્યાઘાતી છે, જેમાં સામાજિક સ્વાસ્થ્ય, માનવીય સંસ્કૃતિ કે ભાવિ પેઢીનો કોઈ વિચાર જ નથી. એટલે આ વિચાર વ્યાપક આંદોલનનું રૂપ પકડી શક્તો નથી, છતાં ય આવી લેસ્બીયન સ્ત્રીઓના જૂથોની કામગીરી તો હજુ આજે પણ ચાલે જ છે.

આમ સ્ત્રી-જાગરણનો પ્રથમ તબક્કો મુખ્યત: પુરુષ-વિરોધનો જ રહ્યો. સંબંધોમાં વર્તાતી અસમાનતાની અભાનતા જેમ જેમ વધી તેમ તેમ આ વિરોધ વિદ્રોહમાં પરિણમ્યો, પરંતુ નારીવાદી આંદોલનના બીજા મોજામાં અનુભવોને આધારે સ્ત્રીઓએ સમસ્યાના મૂળમાં જવાનો પ્રયાસ કર્યો અને મૂળભૂત ઉકેલો શોધવામાં લાગી. જેમ કે, જયાં સુધી શિક્ષણ નથી મળતું, ત્યાં સુધી આત્મ-નિર્ભરતા આવવી મુશ્કેલ બને છે એટલે કે છોકરીઓને પણ શિક્ષણનો સમાન તક મળવી જોઈએ એ મુદ્દો સર્વમાન્ય બન્યો અને પછી તો શાળા-યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીનીઓ પ્રથમ સ્થાનોમાં ઉત્તીર્ણ થતી રહી. આ જ ગાળામાં સ્ત્રીઓએ નોકરી-વ્યવસાય માટે ઘરની બહાર પગ મૂક્યો અને પોતપોતાની કારકિર્દીમાં પુરુષો કરતાં પણ વધારે ખંત અને જવાબદારીપૂર્વક કામ દીપાવી જાણ્યું. ધીરે ધીરે એવો તબક્કો આવ્યો કે સમાજનાં લગભગ તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓ દેખાતી થઈ ગઈ. અત્યાર સુધી મહદંશે, શિક્ષિકા કે ડૉક્ટર રૂપે સ્ત્રી દેખાતી હતી, તે હવે બેંકોમાં, વ્યાપારમાં, આર્કિટેક્ટ કે એંજીનિયરીંગ કે અવકાશ જેવાં ક્ષેત્રોમાં પણ હાજરી પૂરાવતી થઈ ગઈ. સંગીત-ચિત્ર-નૃત્ય-સાહિત્ય આદિ લલિતકળાના ક્ષેત્રે પણ સ્ત્રીઓ ફાળો નોંધાવતી રહી.

પરંતુ ઘરની બહાર પગ મૂક્યો તે સાથે જ ઘરઆંગણે નવા પ્રશ્નો પણ ઊભા થયાં. બાળઉછેર, ગૃહકાર્ય ઉપરાંત બહારની વ્યાવસાયિક જવાબદારીના ભારણ હેઠળ સ્ત્રી દબાવા લાગી. એટલે ઘરકામ તથા બાળઉછેરમાં પુરુષની પણ ભાગીદારીની વાત હવામાં લાવવી પડી. આમ આ પ્રક્રિયામાં બેવડું કામ થયું. સ્ત્રીઓએ ઘરની બહાર સમાજમાં પદાર્પણ કર્યું, તો પુરુષોએ ઘર તરફ મોં ફેરવીને

રસોડું તથા બાળ ઉછેરનાં ક્ષેત્રમાં પગ મૂક્યો.

સ્ત્રીઓને સામાજિક ન્યાય મળે તે માટે માંગોનું સ્વરૂપ બદલાવા લાગ્યું. હવે પુરુષોનો વિરોધ એટલો મહત્વનો ન રહ્યો, જેટલો સામાજિક ન્યાય. કામધંધામાં સ્ત્રીઓને સમાન વેતન, પ્રસૂતિકાળની સુવિધાઓ તથા કાર્યક્ષેત્રે ઘોડિયાઘરની માંગ વગેરે બાબતો પણ આવી. તદુપરાંત ન્યાયાલયનાં બારણાં પણ ખખડાવાયાં. જ્યાં સુધી કાનૂની ક્ષેત્રે સમાન ન્યાય ન મળે ત્યાં સુધી માથાં ફોડવાનું બાકી જ રહી જાય છે એ સમજાતાં નવા કાનૂનની માંગણી પણ થઈ. પૈતૃક સંપત્તિ પર દીકરીનો સમાનધિકાર, પતિની આવકમાં સ્ત્રીનો અધિકાર, ગૃહકાર્યનું વળતર જેવા આર્થિક સુધારા તો કાનૂની ક્ષેત્રે થયા જ, તદુપરાંત ગર્ભપાત કે સંતતિનિયમનને પણ કાનૂની સંરક્ષણ મળ્યું. સ્ત્રીઓની જાતીય સતામણી અને બળાત્કાર વિદ્રોહ ચાલુ જ રહ્યો છે. એ અંગેના કાયદાકાનૂનોમાં પણ સતત સુધારાની માંગ ચાલુ જ છે. ઘરઆંગણે પતિ દ્વારા પત્ની પર થતી મારઝૂડ સામે કાનૂની સંરક્ષણ મેળવાયું.

આ બીજા તબક્કામાં નારી-જાગરણમાં કેટલાક પુરુષોનો પણ સાથ રહ્યો, તે સ્વીકારવું જ પડે. સમાજસુધારકોનો સાથ હતો જ, સાથોસાથ કાનૂની કે અદાલતી ન્યાય મેળવવામાં પણ સ્ત્રીઓને ન્યાય અપાવવાની દૃષ્ટિવાળા પુરુષોનો વિધાયક સહકાર મળ્યો. સ્ત્રીસંઘઠનોમાં સ્ત્રીઓનું સહિયારાપણું મજબૂત બને એ તો ગૃહિત જ હતું. સમાજમાં Sisterhood, નિર્માણ કરતા પ્રયત્નો થયા, પરંતુ આ બીજા ગાળામાં એક નવો શબ્દ આવ્યો - Brosterhood. Brother અને Sister બંનેનું સંયુક્ત કર્તૃત્વ એટલે Brosterhood. હકીકતમાં તો માનવતામાં બંને સમાઈ જ જાય છે. સ્ત્રી-પુરુષ બંને સાથે મળીને પોતાના સહજીવનમાં નિર્માણ થયેલાં ગાબડાને પૂરવા કટિબદ્ધ થશે તો જ સ્વસ્થ સંબંધ નિર્માણ થઈ શકશે. આ માટે બંનેએ પોતાની માનસિકતા તપાસી, સંબંધને નુકશાન કરનારી ક્ષતિઓને દૂર કરવાની છે.

આ આંદોલનને પરિણામે સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ પ્રગટ્યો, આત્મ-નિર્ભરતા જાગી, સ્વતંત્ર હસ્તિ, અસ્તિત્વનું પ્રબોધન થયું, અસ્મિતા સળવળી. કોઈ પણ જાગે ત્યારે હલચલ થાય જ છે. નારીજાગી ત્યારે, સમાજમાં પણ સળવળાટ થયો, હલચલ વધી, ખાસ્સો એવો ખળભળાટ પણ થયો, પરંતુ અગાઉની સ્મશાની શાંતિ કરતાં આ અવાજ ઊઠ્યો એ સ્ત્રી-પુરુષ-સહજીવન માટે ઉપકારક જ સિદ્ધ થયું.

## 3

# હિંસા અને ભોગવાદના ક્ષેત્રે સંઘર્ષ

નારી-જાગરણના ત્રીજા તબક્કાનો પૂર્વાર્ધ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ છીએ, ત્યારે તેમાં ઘણી નવી બાબતો ઉમેરાતી નજરે પડે છે. પહેલા તબક્કામાં પ્રતિક્રિયાવાદી પુરુષ-વિરોધ મુખ્યત્વે રહ્યો, બીજા તબક્કામાં ગૃહક્ષેત્રે અને વ્યવસાયક્ષેત્રે સામાજિક ન્યાય માટેનો સંઘર્ષ મુખ્યતઃ રહ્યો. કાળક્રમે આ આંદોલન પુષ્ટ થતું ચાલ્યું. આગળના તબક્કામાં પરિસ્થિતિ સાફ થઈ કે સ્ત્રીઓનું મોટામાં મોટું અને અત્યંત કુત્સિત શોષણ કરનારી બે પરિસ્થિતિ છે, જેને સમાજની માન્યતા છે. એ છે - યુદ્ધક્ષેત્ર અને વેશ્યાગૃહ.

કોઈ પણ આંદોલન સમાજની સમગ્ર પરિસ્થિતિના પ્રભાવે તળે આવ્યા વગર રહી ન શકે. વીસમી સદીમાં બબ્બે વિશ્વયુદ્ધ ખેલાયાં, જેમાં જગતે કદી ન જોયેલી, કદી ન કલ્પેલી સંહારલીલા જોઈ અને એ નખશિખ થથરી ઊઠ્યો. યુદ્ધમાં સમસ્ત માનવ જાતને સહવાનું આવે છે. વિજ્ઞાનયુગના યુદ્ધોમાં માત્ર યુદ્ધ ક્ષેત્રે, માત્ર સૈનિકોને મરવાનું નથી હોતું. પર અણુયુદ્ધમાં તો સૈનિક-નાગરિક, જૂવાન-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ સૌના એકી સાથે ખાત્મો બોલાતાં ભસ્મીભૂત થવાનું જ હોય છે. આ યુદ્ધ માત્ર યુદ્ધ ટાણે જ લડવાનું નથી હોતું, એના ઓળા યુદ્ધ પછીના લાંબા ગાળા સુધી પથરાતાં રહે છે. જો કે સ્ત્રીઓ માટે તો સાદા યુદ્ધ પણ ભયજનક હોનારત સમા જ બની રહે છે. યુદ્ધના ખપ્પરમાં હોમાતા સ્ત્રીત્વની એ કહાણી અત્યંત પીડાદાયક છે.

યુદ્ધની ભયંકર બિભીષિકા ધ્યાનમાં આવતા ૧૯૨૧ના વિશ્વયુદ્ધ પછી યૂરોપમાં શાંતિવાદીઓએ યુદ્ધ એ માનવતા સામે ઘોર અપરાધ છે. 'યુદ્ધ ન જોઈએ' ના મંત્રનો બુલંદ પોકાર કર્યો, તેમાં સ્ત્રીઓ પણ એ શાંતિવાદી પુરુષો સાથે ખભે ખભા મિલાવીને ચાલી.



Acc. No. 130327

૧૯૨૧માં WRI (War resistance international) નામની એક વિશ્વસંસ્થા નિર્માણ થઈ, જેઓ યુદ્ધને માનવતા સામેનો ઘોર અપરાધ માને છે અને પૃથ્વી પરથી યુદ્ધને કાયમ માટે વિદાય આપવા ઈચ્છે છે. અણુબોમનો તેઓ ઘોર વિરોધ કરે છે.

આ યુદ્ધવિરોધી આંદોલનમાં અનેક શાંતિવાદી મહિલાઓ કામ કરે છે અને વિવિધ પ્રસંગે પ્રતિકારના વિવિધ કાર્યક્રમોમાં જોડાય છે. અણુરજનો વેસ્ટેજ મહાસાગરમાં પધરાવવા લઈ જતી રેલગાડી સામે પાટા પર બેસીને સત્યાગ્રહ કરે છે, તો ક્યારેક અણુઅસ્ત્રોના અડ્ડા પર. ઇંગ્લૅન્ડમાં 'ગ્રીનહોમ કૉમન' નામનું સ્થાન આજે અણુશસ્ત્રોનો અડ્ડો બની ગયું છે. નવ માઈલના ક્ષેત્રમાં પથરાયેલા આ સ્થાનની ચારે કોર કાંટાળી વાડ છે અને નવ દરવાજા છે. અમેરિકાની સરકારે ઇંગ્લેન્ડ સરકારની અનુમતીથી આ જગ્યાને 'ન્યૂક્લીટર મિસાઈલ બેઝ' બનાવી દીધું છે, જેની સામે બહેનોનો સત્યાગ્રહ ચાલે છે. જુદા જુદા દેશોમાંથી સ્ત્રીઓ સત્યાગ્રહ માટે આવે છે. એક વાર દુનિયાભરની સ્ત્રીઓને આવાહન કરાયું. તો ત્રીસ હજાર બહેનો સત્યાગ્રહ માટે ભેગી થઈ ગઈ. એમણે હાથની સાંકળ બનાવી આખા ક્ષેત્રને ઘેરી લીધું. આમે ય, કાયમ માટે આસપાસનાં વૃક્ષો હેઠળ સત્યાગ્રહી બહેનોના તંબુ તાણેલા જ હોય છે. ખાવું-પીવું-સૂવું બધું ત્યાં જ. પોલીસ આવે અને આ બહેનોને તગેડી મૂકે તેટલી વાર બહાર રસ્તા પર આવે, બાકી અડ્ડે મુકામ! સત્યાગ્રહીઓમાં એક બહેન સગર્ભા હતી. એ ઈચ્છે છે કે એના બાળકનો જન્મ આ જ ભૂમિ પર થાય. કેમ? તો કહે - 'આ ભૂમિ મૃત્યુભૂમિ બની ગઈ છે. હું ઇચ્છું છું કે એ જન્મભૂમિ બને! સ્મશાન નહીં, મંદિર બને!'-

અણુયુદ્ધની ભંયકર તારાજીએ અનેકોનાં હૃદયમાં ઉથલપથલ મચાવી. બીજા વિશ્વયુદ્ધની નૃશંસ માનવહત્યા જોઈ અમેરિકાની એક મહિલાના અંતરમાં ઘેર ઘેર શાંતિ સંદેશ ફેલાવવાની પ્રેરણા થઈ અને ૧૯૫૩માં કેવળ પહેરેલ કપડાંભેર પગપાળી 'શાંતિયાત્રા' માટે

નીકળી પડી. જીવનના અંતિમ શ્વાસ સુધી, ઠેઠ ૧૯૮૧ સુધી સતત પદયાત્રા ચાલતી રહી અને પોતાના દેશની સાતવાર પ્રદક્ષિણા કરીને કોઈ વાહન સાથે ટકરાઈ પદયાત્રાના માર્ગે જ પરમશાંતિમાં લીન થઈ ગઈ. દુનિયા આજે એમને 'પીસ પીલ્ગ્રીમ'નામે ઓળખે છે અને એમનો શાંતિસંદેશ કરોડોની સંસ્થામાં 'યાત્રા અંતઃશાંતિની' પુસ્તિકા રૂપે વાંચે છે.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં ત્રીજી દુનિયાના અનેક દેશોમાં યુદ્ધલીલાનો પિશાચનાચ ખેલાયો. સત્તા અને સંપત્તિનું કેન્દ્રીકરણ માનવજગતને આત્યંતિક હિંસા તરફ ઢસળી ગયું. આ બધાં યુદ્ધોને કારણે સ્ત્રીઓને સહન કરવા પડે તેવા કેટલાક પાયાના મુદ્દા સ્ત્રી સંગઠનોના ધ્યાનમાં આવ્યા, જે નીચે મુજબ છે.

૧. યુદ્ધમાં મોકલાતા સૈનિકોને વાસના તૃપ્તિ માટે અપહરણ કે ખરીદી દ્વારા અસંખ્ય સ્ત્રીઓને વૈશ્યા રૂપે સૈનિકોની છાવણીઓમાં મોકલવામાં આવે છે, જયાં સ્ત્રીઓ પર સામૂહિક બળાત્કાર એ રોજની ઘટના બની રહે છે.
૨. યુદ્ધ દરમ્યાન, દુશ્મન દેશના નાગરિકો પર ત્રાસ વર્તાવવાની પ્રક્રિયામાં સ્ત્રીઓ પર નૃશંસ અત્યાચાર, સામૂહિક બળાત્કાર અને વ્યાપક હત્યા એ યુદ્ધનો જ એક ભાગ ગણાય છે.
૩. આ બળાત્કારોને પરિણામે જે બાળકો પેદા થાય છે, તેમના બાપ નક્કી કરવાનું અશક્યવત્ હોય છે. આવાં યુદ્ધબાળ (War badies)ના પાલનપોષણની જવાબદારી ફક્ત મા પર આવી જતી હોય છે.
૪. યુદ્ધમાં બળાત્કૃત થયેલી સ્ત્રીને એનો સમાજ ફરી સ્વીકારતો નથી. એના માટે ઘરનાં બારણાં સદા માટે બીડાઈ જાય છે. ખૂલ્લું રહે છે માત્ર એક જ બારણું - વેશ્યાગૃહનું બારણું, જયાં કેવળ પ્રવેશદ્વાર છે, પાછા બહાર નીકળી આવવાનું કોઈ પછવાડિયું બારણું કોઈ, Exit ત્યાં નથી.

વીસમી સદીમાં બે વિશ્વયુદ્ધ ઉપરાંત વિયતનામ, કંબોડિયા,

બર્મા, ઝેકોસ્લોવેકિયા, કોરિયા, ઈરાન - અફઘાનિસ્તાન, દક્ષિણ આફ્રિકા જેવાં અનેક રાષ્ટ્રો પર યુદ્ધો લદાયાં અને કારમી પીડામાંથી આ દેશોને પસાર થવું પડ્યું. જે સૈનિકો યુદ્ધમોરચે મરાયા તેઓ તો, તત્ક્ષણ છૂટ્યા, પણ અપહરણો અને બળાત્કારની શિકાર થયેલી સ્ત્રીઓ તો આજે પણ એટલી જ પીડા ભોગવી રહી છે. એમના માટે pre-war કે post-war જેવા શબ્દો જ નથી, જીવન પોતે જ યુદ્ધ ક્ષેત્ર બની ગયું છે. આપણે એકવીસમી સદીને No-war સદી બનાવવાનું સપનું જોતાં હતા, પણ અમેરિકાના પ્રમુખ બુશમહાશયે તો ૨૦૦૨ના વર્ષને જ 'યુદ્ધ-વર્ષ' તરીકે જાહેર કરી અફઘાનિસ્તાન અને ઈરાક પર ભયાનક યુદ્ધ લાદ્યું અને એને રુડુંરૂપાળું નામ આપ્યું - War, for freedom મુક્તિ માટેનો સંગ્રામ!

સ્ત્રી જાગૃતિ અને ક્ષેત્રે કામ કરતી સ્ત્રી-સંસ્થાઓ સમક્ષ યુદ્ધનાં ભયંકર દુષ્ટપરિણામોની આ પરિસ્થિતિ પડકાર રૂપે આવી અને એમણે યુદ્ધગ્રસ્ત સ્ત્રીજગતને બાથમાં લીધું. આ સંગઠનોનું કાર્યક્ષેત્ર બે દેશની સીમારેખા બની ગયું. યુદ્ધવાદની શિકાર થયેલી સ્ત્રીઓ અને તેમનાં યુદ્ધબાળની સારસંભાળ એ તેમનું મુખ્ય કાર્ય છે. આ સ્ત્રીઓને પાછી સમાજમાં લાવવી, સમાજ ન સંઘરે તો ત્યક્તાગૃહોમાં, ક્યાંય નહીં તો વેશ્યાગૃહોમાં પણ બે ટંક ભાણું મેળવતી રહે તે માટે પ્રયત્નશીલ છે, પરંતુ આ સમસ્યા નારી-સંગઠનોને ખૂબ હંફાવી રહી છે. નિર્વાસિત સ્ત્રીઓના સંરક્ષણ અને જીવનનિર્વાહ માટે પણ એમણે જે - તે સરકારો સાથે સંઘર્ષ કરવો પડે છે. અસરગ્રસ્ત સ્ત્રીઓને ન્યાય અપાવવા કાનૂની ક્ષેત્રે પણ લડવું પડે છે. આ ઉપરાંત, લશ્કરવાદ અને સરમુખત્યાશાહીના જે પ્રશ્નો છે, તે તો વળી જુદા જ.

આ તો પ્રત્યક્ષ યુદ્ધ મોરચે અન્યાયનો શિકાર બનેલી સ્ત્રીઓની વીતકો. યુદ્ધને પરિણામે સમાજમાં જે દુષ્ટપરિણામો ભોગવવાં પડે છે, તે વીતકવ્યથા તો જુદી જ. હિરોશીમાં - નાગાસાકી પર પડેલા બોમ્બને કારણે સમાજ જે પીડા આજે આટલાં વર્ષોબાદ પણ ભોગવી રહ્યો છે, તેમાં સ્ત્રીઓની કહાણી અત્યંત પીડાજનક છે. નવનવ

મહિના ગર્ભમાં પ્રાણની જેમ સાચવેલા બાળકનું જન્મ પછી જે વિકલાંગ રૂપ જોવું પડે છે, તે જનની માટે અસહ્ય થઈ પડે છે. લશ્કરમાં મોતને ભેટેલા સૈનિકોના પરિવારમાં પણ વિધવા થયેલી સ્ત્રીની દશા પણ અત્યંત કરુણાજનક હોય છે.

૧૯૯૨માં બેંગકોકમાં જે વિશ્વ-મહિલા-પરિષદ ભરાયલી તેમાં સ્ત્રીઓ પર આચરાતી વિવિધ હિંસા વિષે ચર્ચા થઈ હતી. હિંસા કેવળ યુદ્ધ ક્ષેત્રે જ નથી થતી. હિંસા તો ઠેઠ રસોડા સુધી અને શયનાગાર સુધી પહોંચી જાય છે. આજે સમાજ સભ્ય થયો ગણાય છે, પણ હજુ ય સમાજમાં 'બુધે નાર પાંસરી'નાં ગાણાં ગવાય છે, પરંતુ આ બધી તો દેખીતી હિંસા. પણ અદશ્યરૂપે, શોષણરૂપે સ્ત્રીઓની હિંસા થઈ રહી છે, તેનું સ્વરૂપ તો અત્યંત ભયંકર છે. પુરુષોની વાસનાનું સાધન બનેલી સ્ત્રીનું ભવિષ્ય અત્યંત અંધકારમય છે.

## 'સેક્સ' બન્યો ઉદ્યોગ

યુદ્ધ ઉપરાંત, સ્ત્રીઓની દશા સાતમા પાતાળે પહોંચાડે તેવો એક નાનો ફણગો સમાજમાં ફૂટ્યો, તે પણ આ સદીમાં જ. સ્ત્રીઓને પરાણે વેશ્યાવૃત્તિમાં ધકેલાવું પડે તેવી પરિસ્થિતિ તો અગાઉથી ચાલી જ આવેલી, પરંતુ વીસમી સદીમાં આર્થિક ક્ષેત્રે એક નવો ઉદ્યોગ પુરુષપ્રધાન સમાજે ખોલ્યો, જેનું નામ આપ્યું - સેક્સ ઇન્ડસ્ટ્રી.

આ નવા ઉદ્યોગમાં જે કામ કરવા જાય તેને સેવા માનવામાં આવી અને તેને સેક્સ-સર્વિસનું નામ અપાયું છે. સ્વાભાવિક જ છે કે આ ધંધામાં રાજી-ખુશીથી જનારો વર્ગ એકાદો ટકો જ હોય, બાકીની સેવા તો પરાણે, લાચાર બનાવીને જ લેવાની હોય! દેશવિદેશની સરકારોએ પૈસા કમાવવા માટે પ્રવાસ-પર્યટનોનું ક્ષેત્ર વિસ્તાર્યું. અને પર્યટકોના મનોરંજન માટે આવી સેક્સ-સેવા હાથવગી કરી આપી. થાઈલૅન્ડનું બૅંગકોક નગર આવી સેવા માટે જગમશહૂર છે. બાર-બાર, તેર-તેર વર્ષની કાચી કન્યાઓ ત્યાં પર્યટકોના તન-મનને રિઝવતી રહે છે અને ઉદ્યોગપતિઓ એમના લોહીની કમાણી

પર તાગડધિન્ના કરતા રહે છે. સેક્સ-સેવા આપતી છોકરીઓને Call-girls, Comfort-girl Bar-girl જેવાં નવાં નામો મળ્યાં. વ્યાપાર-વ્યવસાયમાં પણ આવી કૉલ-ગર્લ્સ પૂરી પાડવી એ ધંધાનો એક ભાગ બની ગયો, જે હોટેલોમાં આવી છોકરીઓ પૂરી પડાય, તેને એક 'તારક' વધારે મળે. 'થ્રી સ્ટાર હોટેલ'માં ત્રણ પ્રકારનાં ભોગ હોય, ફાઈવ-સ્ટાર હૉટેલમાં પાંચ પ્રકારના પકવાન!

આમ 'નારી દેહ'ના શોષણના અનેક પ્રકારો પ્રગટ થતાં રહે છે અને સ્ત્રીસંસ્થાઓની મલમપટ્ટાની કામગીરી વધતી રહે છે. પ્રશ્નને પાયામાંથી ઉકેલવાનો રસ્તો હજુ હાથમાં આવતો નથી, એટલે રાહતકાર્યથી જ આ સંસ્થાઓને સંતોષ માનવો પડે છે. સ્ત્રીઓ પોતે પોતાના આ શોષણને કેટલું સમજી શકે છે, તે પણ પ્રશ્ન છે. જો એવું ન હોત તો આજે મોડેલીંગના ધંધામાં જે ગળાકાપ હરિફાઈ ચાલી રહી છે, તે ન હોત. સ્ત્રીએ સમજવું જોઈએ કે મોડેલીંગ કે સૌંદર્ય-સ્પર્ધા જેવા કાર્યક્રમોમાં શરીર પરથી વધુ ને વધુ કપડાં ઊતરાવાઈ રહ્યાં છે. આ સમગ્ર લીલાને સ્ત્રીના નગ્નદેહમાં એને એની કામના પૂર્તિમાં રસ છે. આંગળીના વેઢા જેટલાં વર્ષોમાં દેહ-સૌંદર્યની લીલા સમેટાઈ જાય છે, પછી બઝારમાં એ ચમડીની કોઈ દમડી ઉપજતી નથી તો પછી, આત્મસન્માનને ઠેસ પહોંચાડનારી આવી આજીવિકા સ્વીકારવી શા માટે?

પણ તેમ છતાં ય, આજે બ્યુટી-પાર્લરો અને સૌંદર્ય-સ્પર્ધાઓ વધી રહી છે. ભોજનમાં સ્વાદ આવે એ માટે 'પ્રતિભા-શોધન'ના રૂડાંરૂપાળાં નામ આપી, બે-ચાર બૌદ્ધિક પ્રશ્નોત્તરીનું આયોજન પણ થાય છે, પરંતુ કેન્દ્રમાં છે નારીદેહનું લાલિત્ય! નારીજીવનની કેટલીય સમસ્યાઓ એના દેહને ઘેરીને ઊભી છે. પ્રકૃતિએ તો એને માતૃત્વ વરદાન રૂપે આપ્યું, પણ આજે જાણે એ અભિશાપ બની રહ્યું છે. પરાણે લદાતા માતૃત્વનો સ્વીકાર વરદાન રૂપે કરવામાં કેટલી હૈયા હોળી થાય, તે તો ચિતાપર ચઢનાર જ જાણે!

'યુદ્ધ અને કામવાસનાના ક્ષેત્રે થતું શોષણ'- આ બંને પ્રશ્નો

નારીજીવન માટે ભારે મૂંઝવણના પ્રશ્નો છે. આ બંને પ્રશ્નોનો ઉકેલ નવો સમાજ રચવામાં છે. એને 'અહિંસક સમાજ' કહી શકાય, જેના પાયામાં સંયમ અને સહયોગના મૂલ્ય સ્વીકારાયાં હોય? પશ્ચિમમાં Sane Society શાણો સમાજ નામે નવું સ્વપ્ન નજર સમક્ષ રજુ તો થયું છે. એ દિશામાં જેટલાં પગરણ મંડાશે, તેટલી સમસ્યાઓ હળવી થવાની,

બાકીનાં ક્ષેત્રોમાં સ્ત્રીઓ પુરુપ-સમોવડી બની છે. કેનેડામાં ૧૯૬૭માં સરકાર દ્વારા 'સ્ત્રીઓની સામાજિક પ્રતિષ્ઠાનું સર્વેક્ષણ કરવા એક 'રોયલ કમિશન' સ્થપાયું હતું, જેણે સમાનતા સ્થાપવા ૧૬૭ સૂચનો કર્યાં હતાં. હવે સ્ત્રીઓ કોઈ પણ પ્રકારનો સાવકો વ્યવહાર ખમી ખાવા તૈયાર નથી જણાતી. ૧૯૭૦માં 'નારીવાદી ઢંઢેરો' પણ બહાર પડાયો. અગાઉનાં આંદોલનોમાં Feminism સામે કેટલીક સ્ત્રીઓનો વિરોધ હતો, પરંતુ હવે આ નવા તબક્કામાં કોઈ સ્ત્રીનો વિરોધી સૂર રહ્યો નહીં. બલ્કે કેટલાક પુરુષોનો પણ સંમત સૂર સાંભળવા મળે છે. જૂની પેઢીના કેટલાક ચૂસ્ત રૂઢિવાદીઓને આ સમાનતા માફક નથી આવતી, પરંતુ નવી પેઢી આ સમાનતાને આવકારી રહી છે, એ શુભ લક્ષણ છે.

# 4
# નવી સમાજ રચના સાથે જોડાતી સ્ત્રીશક્તિ

વીસમી સદીમાં સ્ત્રીઓ દ્વારા જાગૃતિનાં થયેલાં કામોનું આપણે સિંહાવલોકન કરી રહ્યા છીએ. આરંભે વિરોધ, ત્યાર બાદ ગૃહક્ષેત્રે પરિવર્તન અને આર્થિક સ્વાવલંબન માટે વ્યવસાયક્ષેત્રે પ્રવેશ મેળવાયો, સાથોસાથ સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સ્ત્રીઓને થતા અન્યાયો સામે લડતો આપી, પરંતુ વીસમી સદીના ઉત્તરાર્ધમાં ધીરે ધીરે સ્ત્રી-આંદોલનોનું સ્વરૂપ બદલાતું ગયું. અગાઉ સ્ત્રીઓનાં પોતાનામાં આત્મવિશ્વાસની ઉણપ વર્તાતી હતી અને તેઓ પોતાને ગૌણરૂપે સમજતી હતી, તેને સ્થાને આત્મપ્રત્યય જાગ્યો, આત્મનિર્ભરતા આવી. હવે સ્ત્રીઓ નારીજાતિને 'બાપડી-બિચારી' રૂપે જોવા જ નથી માંગતી, બલ્કે સ્ત્રીશક્તિને પ્રગટ કરી સમસ્ત સમાજને સાચી દિશા ચીંધવા તત્પર બની છે. શ્રીમતી ગેરીસન નામની મહિલાએ 'Now no victimhood'નું સૂત્ર જ આપ્યું છે. અન્યાયનો ભોગ કે શિકાર બનવાની વાત જ નહીં, હવે તો શક્તિ પ્રગટ કરવાની જ વાત. એ કહે છે કે - 'આ બિચારાપણાની માનસિકતા માંદલી મનોવૃત્તિ છે. જૂવાન જોધ સ્ત્રીઓ લાચાર કેવી રીતે હોઈ શકે? આપણો કોઈ દોષ જ નથી એમ કહી જવાબદારી બીજા પર નાંખી દેવી એ તો કાયરતાની નિશાની છે. આપણે સ્વયંપૂર્ણતા લાવવી હશે તો લાચારીમાંથી બહાર નીકળી વિધાયક રીતે કાંઈક કરી દેખાડવું પડશે.

વળી એક હવા તો એવી પણ વહેતી થઈ ગઈ છે કે અગાઉ થઈ ચૂકેલા નારી-આંદોલનનોના પ્રતાપે હવે સ્ત્રી-પુરુષ સમાનતા સ્થપાઈ ચૂકી છે, માટે નારીવાદી આંદોલનનો યુગ હવે આથમી ગયો છે. સ્ત્રીઓ હવે પોતાનું જીવન એ જે રીતે જીવવા ઈચ્છે એ રીતે જીવી શકે છે.

સમાજના પ્રત્યેક ક્ષેત્રે એને સમાનતક છે. સ્ત્રી તરીકે એને

કોઈ અંતરાયો નથી. હવે તો એણે જ પોતાનું કૌવત સિદ્ધ કરી દેખાડવાનું છે. ક્યારેક ક્યાંક છૂટીછવાઈ ઘટનાઓ બની જાય, પણ એ તો આથમતા યુગના ઓળા છે, સમય જતા એ વિલાઈ જશે. વળી કેટલીક સ્ત્રીઓ પોતાની પસંદગીથી જ પુરુષાશ્રિત ગૌણ જીવન જીવે તો તે તેમની પસંદગી છે અને એ એમનો અધિકાર પણ છે.

## સ્ત્રીઆંદોલન હવે મુખ્ય પ્રવાહમાં

આમ ધીરે ધીરે આ નૂતન નારીવાદ મુખ્ય પ્રવાહમાં આવી રહ્યો છે. જેમ જેમ સ્ત્રી પોતાની એકાંતિક સ્ત્રીવાદી અસ્મિતામાંથી બહાર આવી તેમ તેમ એ પોતાના નાગરિક-રૂપને પણ સમજવા લાગી અને એણે જોયું કે પોતાની આસપાસના વિશ્વ અને સમાજનો પોતે એક ભાગ જ છે. એના ધ્યાનમાં આ વાત આવી કે સમાજના સળગતા સવાલો સાથે નારી જાગરણ નહીં જોડાય, તો માત્ર સ્ત્રીજાગૃતિનું સૂત્ર કામ નહીં કરી શકે. આમ તો દરેક સમસ્યાઓ સાથે નારીજીવન જોડાયલું જ છે, તેમ છતાં ય કેવળ સ્ત્રીઓને સ્પર્શતી સમસ્યાઓ હાથમાં લેવાનો અભિગમ ટૂંકો પડતો જણાયો અને નારી જાગરણના તબક્કામાં એક સાવ નિરાળો અભિગમ અને બદલાવ આવ્યો. આને આપણે નારી-જાગરણના ત્રીજા મોજારૂપે આલેખી શકીએ.

## નવા વિકાસવાદ સામે વિરોધ

વિજ્ઞાનયુગને પરિણામે માનવજીવનમાં આજે ધરમૂળથી પરિવર્તન આવી રહ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે મનુષ્યના સામાજિક જીવનનું સ્વરૂપ જ સાવ બદલાઈ ગયું છે. સમાજમાં ચીજવસ્તુઓની ભરમાર વધી ગઈ છે. વિપુલતા અને વપરાર્શ', 'વાપરો અને ફેંકી દો'-નું સૂત્ર કામ કરતું થઈ ગયું છે. માણસ વધુ ને વધુ ભોગવાદી બનતો જાય છે અને દરેક દેશને પોતાને ત્યાં રાતોરાત સ્વર્ગ ખડું કરી દેવાની તત્પરતા જાગી છે. 'વિકાસ'ની આ હરિફાઈમાં

શક્તિશાળી અને માથાભારે દેશો પ્રથમ હરોળમાં છે. દુનિયામાં આજે વિકસિત (Developed) રાષ્ટ્રોની ગણના 'પ્રથમ વિશ્વ'ના દેશો રૂપે થાય છે, જ્યારે બીજા વિશ્વના દેશો એટલે વિકાસશીલ (Developing) દેશો અને ત્રીજું વિશ્વ એટલે પછાત, અવિકસિત (undeveloped) રાષ્ટ્રોનો સમૂહ! અમેરિકા-યૂરોપ જેવા શસ્ત્રસજ્જ અને ધનસંપન્ન વૈભવશાળી રાષ્ટ્રો પ્રથમ વિશ્વનાં, જાપાન-રશિયા-ચીન વગેરે મધ્યમ દેશો બીજા વિશ્વનાં રાષ્ટ્રો અને આપણે એશિયા-આફ્રિકાવાસી દેશો ત્રીજા વિશ્વના પ્રતિનિધિ છીએ.

આજે જગતમાં શસ્ત્ર-સત્તા અને સંપત્તિની બોલબાલા છે. આ ત્રણે ય બાબતોમાં જે સંપન્ન છે, તે સર્વોપરી થઈ બેસે છે. જે શાસક છે, તે શાસન પણ કરે છે અને શોપણ પણ કરે છે. બળિયાને એમ લાગે છે કે આખી દુનિયા અમારા ભોગ માટે જ છે એટલે એ બે ભાગ પચાવી પાડે છે. આખી રાજનીતિ અને અર્થનીતિ આવા શોષણના પાયા પર ઊભી થઈ છે, પરિણામે સમસ્ત માનવજાતિ સમક્ષ કેટલાક પ્રાણપ્રશ્નો ઊભા થઈ ગયા છે, જે તાત્કાલિક ઉપાયો માંગી લે તેવા છે.

આજે 'વિકાસવાદ'ની જે નવી સંકલ્પના ઊભી થઈ રહી છે તે ઊંડો વિચાર માંગી લે છે, આવું નારીવાદી આંદોલનને સમજાયું છે.

૧૯૯૨માં બેંગકોકમાં WRIની મહિલા પાંખ તરફથી યોજાયેલા વિશ્વ-મહિલા-સંમેલનમાં 'વિકાસની અવધારણાની પુનઃવ્યાખ્યા'-નો વિષય પણ રાખવામાં આવ્યો હતો. આ સંમેલનમાં યોગ્ય રીતે પ્રશ્ન પૂછાયો કે આ તે વિકાસ છે કે વિનાશ? Development કે Destruction? જેવી રીતે ઔદ્યોગિક ક્રાંતિના તબક્કામાં, વ્યાપક યંત્રીકરણે ગરીબોને બેકાર કર્યા અને સમાજમાં મૂડીવાદ વધાર્યા. એ જ રીતે આ નવા વિકાસવાદમાં પણ, ધરાયલા લોકોને જ બત્રીસ પકવાન ધરવાની દિશા છે. મોટા મોટા ડેમો બંધાય છે, તેમાં ફાયદો તો યાંત્રિક ખેતી કરનારા મોટા મોટા જમીનદારો અને કારખાનેદારો ને જ થાય છે. ડેમના વિશાળ જળાશયમાં નાના ખેડૂતો અને

ખેતમજૂરોને તો ડૂબવાનું જ રહે છે.

વળી, વિકાસની આ સંકલ્પનામાં મનુષ્યને મનુષ્યરૂપે જોવાને બદલે એક સંસાધનરૂપે જોવામાં આવે છે. માનવ કોઈ સાધન નથી. અમુક લોકોના વિકાસ માટે માણસને સાધન બનાવી ઉન્નતિ સાધવી, તે શેનો વિકાસ? આજે માણસ ઉત્પાદનની પ્રક્રિયામાં પોતાનું સર્વોત્તમ ખર્ચી નાંખે તે માટે પ્રશિક્ષણ અપાય છે. આ એક આસુરી અભિગમ છે. એની ઊંડી ચર્ચા અહીં અપ્રસ્તુત બને, પણ આવો વિકાસવાદ' સામે સ્ત્રીઓએ વિરોધ નોંધાવ્યો છે, તે ઉચિત જ છે. 'વિકાસ' સાચો, પણ 'કોના ભોગે કોનો વિકાસ?' એ મહત્ત્વની બાબત છે.

૧૯૯૨માં બેંગ્કોકમાં યોજાયેલી વિશ્વપરિષદમાં વિકાસની અવધારણાની પુનઃવ્યાખ્યા'વાળા વિષયમાં જે નિવેદન બહાર પડ્યું, તેનો સારભાગ નીચે મુજબ છે.

'આજે વિશ્વની મુઠ્ઠીભર સત્તાઓ આખી દુનિયા પર પોતે ઘડેલા આર્થિક અને વિકાસકીય નમૂનાઓ લાદવાનો પ્રયત્ન કરે છે, જેને પરિણામે ગરીબ અને તવંગર વર્ગ વચ્ચેની ખીણ વધારે ઊંડી અને પહોળી થતી જાય છે, આર્થિક પરાવલંબન અને શોષણ વધતાં જાય છે અને ઉપભોક્તાવાદને ઉત્તેજન મળે છે.'

આ સંમેલનમાં Women and Development (WAND) નામની સંસ્થામાં કામ કરતી એક આફ્રિકન મહિલાએ કહ્યું - કે અમારે ત્યાં 'વિકાસ'ના નામે બહુરાષ્ટ્રીય કંપનીઓની ભરમાર છે. તેઓ અન્ય ચીજ-વસ્તુઓની જેમ સ્ત્રીને પણ ઉપભોગની અને ખરીદ-વેચાણની એક ચીજ માને છે. અમારો દેશ લડાઈઓ લડવા સૈનિકોની છાવણી બને, પરદેશી કંપનીઓ અમારી ખાણો ખોદવા આવે, અમારા ખેતરો ઝૂંટવી લે, એમને ઘોર જંગલોમાં ધકેલે, જયાં ટોકસીન ભરેલાં ઝરણાનાં પાણી પી માતાઓ વિકૃત પ્રજાને જન્મ આપે. અમારો દેશ આજે દેવાદાર છે. વિશ્વબેંકને કરોડો રૂપિયા ચૂકવવાના છે. પણ આજની આ વિકાસનીતિએ તો અમારી કમ્મર જ તોડી નાંખી છે."

આ નવી વિકાસનીતિમાં મોટા મોટા ગંજાવર યંત્રો દ્વારા ચાલતા મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન અપાય છે, એનાં પરિણામે વિશ્વહિતને જોખમમાં ચૂકતી બે સમસ્યાઓ નિર્માણ થઈ છે. ધરતીના પેટાળમાં રહેલી સંપત્તિ શોષાઈ રહી છે, પરિણામે સૃષ્ટિનું ચક્ર ખોરવાય છે અને મોટા મોટા કારખાનાંને કારણે હવા-પાણી પ્રદૂષિત થઈ રહ્યા છે. તો માનવજીવનનો હ્રાસ કરનારી આ બે સળગતી સમસ્યા - 'પ્રદૂષણ અને પર્યાવરણ'ના ઉકેલ માટે પણ આ નારીસંગઠનો હવે પ્રયત્નશીલ છે.

હકીકતમાં તો પર્યાવરણ નારીજીવનને સર્વાધિક સ્પર્શે છે. ધરતીનાં પાણી ખૂટી પડે છે તો પનિહારીઓની દશા જ બેસી જાય છે. ધરતીનાં ખનીજ શોષાઈ જાય છે, લૂંટાઈ જાય છે તો ચૂલો સળગાવવા સ્ત્રીઓની સીમોની રખડપટ્ટી વધી જાય છે. એટલે નારીસંગઠનોએ એમના વૈશ્વિક સંમેલનોમાં 'પર્યાવરણ' વિષયને કેન્દ્રમાં રાખી ચર્ચા વિચારણા કરી. રિયો-ડી-જાનેરોમાં સ્ત્રી સંગઠનો દ્વારા Earth Summit મળી, જ્યાં માનવ જાતે એક સ્વરમાં પ્રભુને પ્રકૃતિ-રક્ષા માટે પ્રાર્થના કરી.

૧૯૮૭માં નૈરોબીમાં ત્રીજા વિશ્વની મહિલાઓની એક પરિષદ યોજાઈ, જેના નિષ્કર્ષરૂપે Dawn (એટલે કે Development Alternatives with woman for a new Era)નામની સંસ્થાનો ઉદય થયો, જે નવા યુગની સ્થાપના માટે વિકાસનાં નવા વિકલ્પો આપવા માટે પ્રતિબદ્ધ બની. આ સંસ્થાએ આરંભનાં પાંચ વર્ષોમાં પર્યાવરણ, જનસંખ્યા વગેરે પ્રશ્નોના અનુસંધાનમાં સ્ત્રીઓની સમસ્યાઓ તપાસી. ૧૯૯૫માં બેજિંગમાં વિશ્વ મહિલા સંમેલન યોજાયું, તેમાં ડૉન દ્વારા વિશ્વના વર્તમાન આર્થિક પ્રવાહો વિષે ચર્ચા કરાઈ. આ પ્રબંધનું શીર્ષક હતું - 'Markers on the way. વિકાસના પંથે વચ્ચે આવતા સીમાવર્તી સ્થંભોની ચર્ચા આ પ્રબંધમાં છે. પેસિફિક એશિયા, લેટિન અમેરિકા, આફ્રિકા અને કેરોબિયન દેશોમાં થયેલી પરિષદોને આધારે આ પ્રબંધ તૈયાર થયો છે.

૧૯૭૦ સુધી તો આર્થિક નીતિ નક્કી કરવામાં વિશ્વ કે રાષ્ટ્રીય સ્તરે સ્ત્રીઓને ધ્યાનમાં જ લેવામાં નહોતી આવતી, પરંતુ હવે સ્ત્રીઓને પણ આર્થિક એકમરૂપે સ્થાન આપવું પડે છે. કારણ કે હવે ઉદ્યોગોમાં, કલ-કારખાનાંઓમાં સ્ત્રી-મજૂરો પહોંચી ગઈ છે, તદુપરાંત અસંગઠિત રૂપે પણ કરોડો સ્ત્રીઓ શ્રમજીવી જ છે. બલ્કે સમાજના શ્રમનો સિંહભાગ તો સ્ત્રીઓ જ ઉપાડી રહી છે. ખેતીમાં લાગેલી સ્ત્રીઓને માથે ખેતી ઉપરાંત પશુપાલન, બળતણ-પાણી વ્યવસ્થા તથા બાળઉછેર છે જ. સ્ત્રીઓના આ શ્રમની કોઈ નોંધ સમાજ લેતો નથી, નથી તો એનું વળતર (આર્થિક) ચૂકવાતું. આ સમસ્યા તરફ ભારતના સેવા-આંદોલનને વિશ્વનું ધ્યાન ખેંચ્યું. શ્રમિક પણ અસંગઠિત એવી સ્વાશ્રયી સ્ત્રીઓનું સંગઠન ગુજરાતના પ્રબુદ્ધ મહિલા ઈલા ભટ્ટ દ્વારા થયું. 'સેવા'ના આદ્યાક્ષર છે (Self employed woment's Association - SEWA) એમણે આવી અસંગઠિત સ્વાશ્રયી સ્ત્રીઓની સમસ્યાઓ પરત્વે વિશ્વનું ધ્યાન ખેંચાય તેવું અદ્ભૂત કાર્ય કર્યું. વિશ્વના મજદૂર મંડળો સાથે આ સંગઠન સંપર્ક રાખે છે અને ગ્રામીણ મહિલાઓની તો અદ્ભુત પરાક્રમગાથાઓ સર્જાઈ રહી છે.

અત્યાર સુધી માનવવિકાસમાં 'સ્ત્રી'ને પડદા પાછળ રખાઈ. આર્થિક નીતિમાં પણ સ્ત્રીઓની ઉપેક્ષા થતી રહી, પરંતુ હવે ધીરે ધીરે વાસ્તવિકતા સમજાતી જાય છે કે સ્ત્રીજાતિની ઉપેક્ષા થાય છે, તો વિકાસ અધૂરો અને એકાંગી રહી જાય છે, કારણ કે સ્ત્રી એક એવી કડી છે જે 'આર્થિક ઉત્પાદન' અને 'માનવ-ઉત્પાદન' બંનેમાં ભાગ ભજનનારું સૂત્ર છે. સ્ત્રી Production અને Reproduction બંને સાથે જોડાયલી છે. 'સ્ત્રી'ની સાથે આર્થિક ઉત્પાદન ઉપરાંત માનવ-ઉત્પાદન દ્વારા મહત્વનું ક્ષેત્ર અભિન્નપણે જોડાયલું છે એટલે પ્રત્યેક ક્ષેત્રના નીતિ-નિર્ધારમાં સ્ત્રીઓને સ્થાન આપવું પડશે, એટલી વાત ધ્યાન પર લાવવામાં આવી.

દુનિયાના સમૃદ્ધ દેશોએ એક બીજી જાળ પણ બિછાવવી શરૂ

કરી દીધી છે. એનું નામ રૂપાળું છે - Globalisation વૈશ્વીકરણ. વિજ્ઞાનયુગને શોભે તેવું નામ, પરંતુ આમાં દુનિયાભરના સમૃદ્ધ ઉદ્યોગપતિઓ ભેગા મળીને બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા ઉદ્યોગો ચલાવે તેવી વાત છે, પરંતુ આમાં ગરીબ લોકોનો સફાયો બોલાઈ જાય તેવી વિઘાતક સંભાવનાની ગંધ સ્ત્રીસંસ્થાઓને આવી ગઈ છે, એટલે છેલ્લી બે ત્રણ મહિલા પરિષદોમાં આ વિષય પર ચર્ચા વિચારણા ચાલી.

આ એક જટિલ વિષય છે. એની વિસ્તૃત ચર્ચા અહીં અપ્રસ્તુત ગણાશે, પરંતુ વિશ્વના પાંચ પ્રકારના જૂથોએ બહુરાષ્ટ્રીય કંપનીઓના વૈશ્વીકરણ સામે પોતાનો વ્યાપક વિરોધ નોંધાવી દીધો છે. આ જૂથો છે - મજૂર વર્ગ, વામપંથી વર્ગ અને નારી-આંદોલનોવાળો વર્ગ.

'માનવવિકાસ'ની પરિષદોમાં ભાગ લઈ બહેનોએ બે વાત નક્કી કરાવી ૧-વિવિધ ક્ષેત્રોની નીતિ નક્કી થાય ત્યારે સ્ત્રીઓ તરફ પણ ધ્યાન અપાય અને ૨- આર્થિક પાસું અને માનવીય વિકાસ- આ બંનેની સાથે જોડાયલા વિષયોમાં સતત સંશોધન, પરિવર્તન, અને સશક્તિકરણ થતું રહેવું જોઈએ.

આમાંથી તાત્કાલિક બે કાર્યક્રમો સામે આવ્યા. વર્તમાન સરકારો અને આર્થિક ક્ષેત્રના માંધાતાઓની એજન્સીઓની હલચલ પર નજર રાખવી અને બીજું, જેમાં પુરુષ-પ્રાધાન્ય હોય તેવાં આંદોલનોને પડકારવાં અને એના વૈકલ્પિક નમૂના રજૂ કરવાં. આ એક મોટો પડકાર છે અને સ્ત્રી-આંદોલનોએ હવે વૈશ્વિક સ્તરની નીતિઓ નક્કી કરવામાં પોતાનો સૂર સમાવવો હોય તો તે માટેની સજ્જતા કેળવવી પડે. આજે દુનિયા સમગ્ર પરિવર્તનના ચોક પર આવીને ઊભી છે, જેમાં વિભિન્ન રાષ્ટ્રોની પારસ્પરિકતા, વૈશ્વીકરણ અને સમસ્ત સમાજ પોતાના રંગરૂપ બદલશે. આવી નિર્ણાયક ઘડીમાં નારી જગતના ચિંતનનું પ્રદાન અત્યંત આવશ્યક છે.

વિશ્વભરના નારી-જાગરણ અંગે થયેલા પ્રયાસોનું વ્યાપક વિહંગાવલોકન કરીએ છીએ ત્યારે વીસમી સદીની આથમતી સંધ્યાએ

આટલા તારણ પર આવીએ છીએ કે નારીજાગરણનું આંદોલન હવે પાકટ થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જો કે સમસ્યાઓ ઓછી થવાને બદલે વધતી જ જાય છે, એમાં સમાજની સંકુલતા (Complexily) જ કારણભૂત જણાય છે. તેમ છતાં ય, આત્મવિશ્વાસપૂર્વક સ્ત્રી-સંગઠનો આગળ વધી રહ્યા છે, ત્યારે એક આશા સહેજે વ્યક્ત થઈ જાય છે કે હવે આ નારી-કેન્દ્રિત આંદોલનો સ્ત્રી-પુરુષનાાં સંયુક્ત આંદોલન થઈ જવા જોઈએ.

પરંતુ કમભાગ્યે કહેવું પડે છે કે સ્ત્રીઓનો પ્રશ્ન પુરુષોએ સ્ત્રીઓને હવાલે કરી દીધો છે. સ્ત્રી પર બળાત્કાર થયો અને એ ઘટનાથી વ્યથિત થઈ પુરુષોએ સભા ભરી એવો એક પણ પ્રસંગ જાણમાં નથી. ગાંધી પોતે તો અસ્પૃશ્ય, ગરીબ કે દલિત તો નહોતો, છતાં ય આ સૌ લોકો માટે પોતે હરિજન બનીને લડ્યો, કારણ કે એ સ્વતંત્રતાનો પૂજારી હતો, સત્યનો ઉપાસક હતો. પુરુષોને પણ સ્વાતંત્ર્યનો સાચો આનંદ પામવો હશે તો જાગૃત-સ્વતંત્ર સ્ત્રી જ એ સંપ્રાપ્તિમાં મદદરૂપ થઈ શકશે. એટલે હવેના યુગમાં આ સમસ્યા માનવ-આંદોલનનો વિષમ બની જવી જોઈએ.

# 5
# ભારત ક્ષેત્રે - નારી જાગરણ

પશ્ચિમી જગત તથા અન્ય દેશોના નારી-આંદોલનો જોયાં પછી આપણે ભારતના નારી-મુક્તિ-આંદોલનોનું વિહંગાવલોકન કરીએ. ભારતમાં સ્ત્રી-જાગૃતિના કાર્યની એક આગવી જ ભાત ઉપસે છે. અગાઉ આપણે જોઈ ગયા કે પૌરાણિક ભારતમાં સ્ત્રી-પુરુષ-સંબંધમાં અસમાનતા નહોતી. ધીરે ધીરે કાળક્રમે બંને વચ્ચે ઊંચ-નીચનો ભાવ દાખલ થયો અને સ્ત્રીજાતિ ગૌણ બનતાં અન્યાય અને અત્યાચારનો ભોગ બની.

## પ્રાચીન યુગમાં

રામાયણ-મહાભારત કાળમાં પણ આપણે જોઈએ છીએ કે તેજસ્વી સ્ત્રીઓનો પણ સામાજિક મોભો ગૌણ હતો. સ્ત્રીનું અપહરણ થઈ શકે, સ્ત્રી પર કલંક લાગે તો સમાજ એને શિક્ષા આપે, દ્રૌપદી જેવી અગ્નિ-કન્યાનાં પણ ભરદરબારમાં વસ્ત્ર-હરણ થાય. આ બધી ઘટનાઓ સૂચવે છે કે ત્યારે સમાજમાં સ્ત્રી પાછળ ધકેલાઈ ચૂકી હતી. સ્ત્રી જૂગારમાં રમવા માટેની એક ચીજ હતી. કૃષ્ણયુગમાં ગોકુળની સ્ત્રીઓમાં સ્વત્વ જગાડવાનો પ્રયાસ કૃષ્ણ દ્વારા થયો. મથુરાના કંસને દાણ ન આપવાની સત્યાગ્રહ-શક્તિ પણ આ સ્ત્રીઓમાં આવી, તેમ છતાં ય એમની નાગરિકતા જાગી ગઈ હતી એમ ન કહી શકાય. સ્ત્રીની ભૂમિકા પુત્રી-પત્ની-બહેન અને માના વ્યક્તિત્વમાં જ સમાપ્ત થઈ જતી હતી. ભગવાન મહાવીરના કાળમાં ક્રાંતિનું એક મોજું આવ્યું અને કેટલીક સ્ત્રીઓ દીક્ષા લઈને સાધ્વી બની, એ સ્ત્રી-જાગરણનું એક મહત્વનું સોપાન જ કહેવાય. તેમ છતાં ય, ભગવાન બુદ્ધે તો એમના શિષ્ય પૂર્ણને કહ્યું જ કે - 'હે પૂર્ણ, તું સ્ત્રીઓને સંન્યાસની દીક્ષા આપીને એક ભારે મોટો ખતરો ઊભો કરી રહ્યો છે." આમ સંન્યાસ અને બ્રહ્મચર્યનાં ક્ષેત્ર સ્ત્રી માટે લગભગ વર્જ્ય બની ગયાં

હતાં, તેમ છતાં ય મધ્યયુગમાં પાતાળ ફોડીને પાણી નીકળે તેમ ભક્ત મીરાંબાઈ, મુક્તા, લલ્લા, આંડાળ જેવી કેટલીક વિદ્રોહી સ્ત્રીઓની અસ્મિતા પ્રગટ થઈ હતી.

## દીકરીને આવકાર ન મળ્યો

પરંતુ આ તો અપવાદરૂપ સ્ત્રીઓ. મોટા ભાગનો સ્ત્રી સમુદાય તો ઘર-પરિવારમાં જ કેદ હતો. બાળકોનો ઉછેર અને ઘરસંભાળ-એ જ એમનું કાર્યક્ષેત્ર હતું. શિક્ષણ પણ તેમના માટે વર્જ્ય જ હતું. સમાજના રિતિરિવાજોમાં પણ સ્ત્રીઓ પ્રત્યે ભારોભાર અન્યાય દાખવાતો. બાળલગ્ન, દહેજ, ફરજિયાત વૈધવ્ય, સંપત્તિમાં કોઈ અધિકાર નહીં, શિક્ષણની કોઈ તક નહીં અને ઘરમાં પણ ચૂં કે ચા કરવાની કોઈ પરિસ્થિતિ નહીં, પરિણામે સ્ત્રી ધીરે ધીરે બાપડી-બિચારી બનતી ગઈ. દીકરીના જન્મ પર જયાં નિસાસા નંખાતા હોય, એના ઉછેરમાં બાળપણથી જ ભેદભાવ અનુભવાતો હોય, પોતાનું ઘર હોવા વિષેની કોઈ સલામત માનસિકતા ન હોય ત્યારે જે વ્યક્તિત્વ નિર્માણ થાય, તે કેવું હોય? એટલે તો કહેવત પડી કે દીકરી અને ગાય દોરે ત્યાં જાય. ગાય પણ ક્યારેક સામે શિંગડા ભરાવી જાણે, પણ આ દીકરી એ તો મૂંગા જ મરવાનું! અતિ થઈ જાય, સહન ન થાય તો કૂવો પૂરવાનો, કાં ઘાસલેટ છાંટીને બળી મરવાનું. ‘બૂધે નાર પાંસરી’ અને ‘સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ’ એ તો ઘર-ઘરનું ગાણું!

જે સમાજમાં સ્ત્રીનું જીવન એક અભિશાપરૂપ હોય ત્યાં સમાજનો સર્વાંગી વિકાસ થઈ જ ન શકે. જે શરીરનું અર્ધાંગ સાવ નબળું પડી ગયું હોય તેનું કૌવત કેટલું? આ તો નારીચેતનામાં પડેલા કૌવતને કારણે ગુલામીની પરિસ્થિતિમાં પણ એણે પોતાના વ્યક્તિત્વની સુગંધ ફેલાવવાનો પ્રયત્ન કર્યો. પ્રાપ્ત પરિસ્થિતિમાં પોતાની મા-પત્ની-દીકરી-બહેન આદિ ભૂમિકાઓનું પણ સર્વોત્તમ સત્ત્વ પ્રગટ કર્યું. સમાજને ‘પરિવાર’ નામની એક એવી સંસ્થા બાંધી

આપી, જયાં માનવતાના વિકાસ માટેનાં મૂલ્યોનું ઘરુંવાડિયું કરી શકાય. સ્ત્રીનું પ્રેમતત્ત્વ પ્રગટ થયું ન હોત તો આ પૃથ્વી પર 'ઘર' નામના ઘટકનું અવતરણ કદી શક્ય ન બન્યું હોત.

કેટલાક યુગપુરુષોના ધ્યાનમાં આ વાત આવી ગઈ હતી કે સ્ત્રી-પુરુષની સમાનતા જ સમાજ માટે તારક સિદ્ધ થશે. વળી તેમનો આ બાબતનો પણ કાંઈક ઓછો અણસાર મળી ગયો હતો કે નારીચેતનામાં કાંઈક એવું સત્વ પડ્યું છે, જેનો સ્પર્શ સમાજને નહીં મળે તો એટલી અધૂરપ રહી જ જવાની. એટલે પ્રત્યેક યુગના મહાન જ્યોતિધરોએ સ્ત્રી-જાગૃતિની વાત હંમેશા આગળ ધરી.

## મુસ્લિમો આવ્યા બાદ ગુલામી વધી

ભારતમાં મુસ્લીમો આવ્યા પછી સ્ત્રીઓ વધારે બંદિની બની. ભારતની કોઈ દેવીની મૂર્તિ ક્યારેય ઘૂંઘટમાં છૂપાયલી જોવા નથી મળતી. લાજ અને ઘૂંઘટ એ બહારથી આવેલી આયાતી ચીજ છે. અંગ્રેજો ભારતમાં આવ્યા, એમણે પણ સમાજ સુધારણાના ઘણા મુદ્દા આપ્યા અને રાજારામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાત્મા ફૂલે, રાનડે, મહર્ષિ કર્વે જેવા મહાપુરુષોએ દીકરીઓને દૂધપીતી કરવાના, સતીપ્રથા, ઘૂંઘટ-પ્રથા, બાળલગ્ન વગેરેનો પ્રચંડ વિરોધ જગવ્યો. અંગ્રેજોની શિક્ષણપ્રથામાં આગળ આવેલા પુરુષોને પણ પોતાની અભણ પત્નીઓ સાથેનું સહજીવન ખૂંચ્યું અને આમ 'સ્ત્રી-શિક્ષણ'ની વાત આગળ આવી. કવિ નર્મદે ત્યારની પરિસ્થિતિ આલેખી જ છે કે - 'ભાઈનું ધ્યાન તો ભૂગોળ-ખગોળમાં રમે અને નારી ચૂલામાંહ્ય!' આમ સ્ત્રીજાગૃતિ અને સ્ત્રીશિક્ષણની હવા ઊઠી, પરંતુ એમાં 'સ્ત્રી' પોતે આંદોલનકારી ઓછી હતી, 'સ્ત્રી' આંદોલનનો વિષય જરુર હતી, પરંતુ ગમે તેમ, નારીજીવનમાં આને કારણે એક જબરદસ્ત પરિવર્તન આવ્યું. હાથમાં પાટી-પેન લઈને છોકરી નિશાળે જાય - આ દૃશ્ય સહન કરવા માટે સમાજને ખાસ્સી મહેનત પણ પડી. ભલે સ્ત્રીના પોતાના અંગત વિકાસ માટે નહીં, પણ પતિ-

પત્ની વચ્ચેનું અંતર ઘટે તે માટે પણ સ્ત્રીશિક્ષણ શરૂ થયું, તે નારી જગત માટે તો આશીર્વાદ અને વરદાન રૂપ જ સિદ્ધ થયું. મહર્ષિ કર્વેના અથાગ પ્રયત્નોને પરિણામે રમાબાઈ રાનડે, લક્ષ્મીબાઈ જેવી સ્ત્રીઓનું સામર્થ્ય પ્રગટ થયું.

## આઝાદીની લડાઈમાં સ્ત્રી સૈનિક બની

આ બધો ઇતિહાસ ગાંધીપૂર્વેનો ઇતિહાસ. ગાંધી ભારતમાં આવ્યા ત્યારે વિવેકાનંદની આગ ઝરતી વાણીએ સ્ત્રીઓના આત્માને પણ ઝંઝોળ્યો હતો. સ્ત્રીઓમાં આંતરિક ખળભળાટ શરૂ થયો પણ હશે, પણ પ્રત્યક્ષ સમાજ ક્ષેત્રે ગણી-ગાંઠી મહિલાઓ સિવાય બાકીની સ્ત્રીઓનું જીવન ઘર-પરિવારમાં જ સમાપ્ત થઈ જતું હતું. સમાજના સળગતા સવાલો સાથેની તેમની કોઈ સગાઈ હજુ બંધાઈ નહોતી.

પરંતુ ગાંધીજી આવ્યા અને એમણે સ્વરાજ્ય-આંદોલનમાં પુરુષોની હારોહાર રહે તેવી સ્ત્રી-શક્તિ માટેનું આહ્‌વાન કર્યું. ગાંધીજીના અહિંસક આંદોલનમાં હાથમાં બંદૂક કે લાઠી ઊઠાવવાના નહોતા, પણ ગોળી સામે છાતી અને લાઠી સામે માથું ધરવાની હિંમત તો દાખવવાની જ હતી. ગાંધીના આ આહ્‌વાને સ્ત્રીચેતનામાં જાદૂઈ કામ કર્યું. દક્ષિણ આફ્રિકામાં, કસ્તૂરબા સાથે અનેક બહેનોએ સરકાર સામેના સત્યાગ્રહમાં જેલવાસ ભોગવી પોતાનું હીર દાખવ્યું જ હતું. એ જ પરંપરા ભારતમાં આગળ વધી અને સરકાર સામેની લડતોમાં ભારતની અભણ સ્ત્રીઓએ પણ અદ્‌ભૂત શૌર્ય અને હિંમત દાખવ્યા. આ રાષ્ટ્રીય-આંદોલનમાં, શરાબના પીઠાં પર દારૂડિયાઓ સામે સ્ત્રીઓએ જે સત્યાગ્રહ-શક્તિ દાખવી તેણે સમસ્ત સ્ત્રી-સમાજમાં અભૂતપૂર્વ જાગૃતિ આણી. ૧૯૨૬માં અખિલ હિંદ મહિલા પરિષદના ઉપક્રમે આઝાદી-આંદોલનનાં અનેક કાર્યક્રમોમાં સ્ત્રીઓએ ભાગ ભજવ્યો. ૧૯૪૨ના આંદોલનમાં તો, અરુણા અસફઅલી, ઉષા મહેતા જેવી સ્ત્રીઓએ તો ભૂગર્ભ-પ્રવૃત્તિ ચલાવી નારીશક્તિનો અદ્‌ભૂત પરચો દેખાડ્યો.

સ્વરાજ્ય પહેલાં નારી-જાગરણનું ધ્રુવપદ સ્વાભાવિક રીતે જ 'આઝાદી' હતું, પરંતુ સ્વરાજ્ય આવ્યા બાદ આ ધ્રુવપદ બદલાયું. ૧૯૪૫માં કસ્તૂરબાનું અવસાન થયું ત્યારે તેમના સ્મારક રૂપે અખિલ ભારત કસ્તૂરબા ટ્રસ્ટની રચના થઈ અને ગામડે ગામડે ગ્રામસેવિકાઓ ગ્રામોત્થાન અને સ્ત્રી-જાગૃતિનાં કામો ઉપાડે એ દિશામાં એક પ્રચંડ કાર્ય શરૂ થયું. ભારત અત્યંત વિશાળ દેશ અને તેનાં પાચ-છ લાખ ગામડાં. શક્ય તેટલાં વધુ ગામોને આવરી લેતાં સેવાકેન્દ્રો સ્થપાયાં અને કેટલીક બહેનોએ પરિસ્થિતિની સામે પડીને પણ અદ્ભુત કાર્ય કર્યું. ગામડામાં ગરીબી, બેકારી, શરાબખોરી, ગુનાગીરી જેવી બદીઓ સામે ઝીંક ઝીલીને આ સેવિકાઓને કામ કરવું પડતું, કસ્તૂરબા-ટ્રસ્ટનાં આ કાર્યોમાં મુખ્યત્વે બાળ-ઉછેર, સ્ત્રી-શિક્ષણ, આરોગ્ય તથા પોષણ, પ્રસૂતિ-સેવા રહ્યાં. આ બધી પ્રવૃત્તિઓ કરતાં ક્યારેક સ્થાપિત હિતો સામે ટક્કર પણ લેવી પડતી. એને કારણે સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ વધ્યો અને એની સામાજિક ભૂમિકા દઢ બની.

## પીડિત સ્ત્રીઓ માટે આશ્રયપ્રવૃત્તિ

સ્વરાજ્ય પછી, સ્ત્રી-પ્રવૃત્તિનો એક બીજો ફણગો પણ ફૂટ્યો. દેશભરમાં જે સ્ત્રી-સંસ્થાઓ સ્થપાઈ હતી, તેમણે હવે પોતાનું ધ્યાન નારીજીવનના પ્રશ્નો પર કેન્દ્રિત કર્યું. સમાજમાં ત્યક્તા તથા વિધવા બનેલી સ્ત્રીઓનો કુંવારી માતાઓ તથા અનાથ બાળકોનો પ્રશ્ન જવલંત સમસ્યારૂપે સામે આવ્યો અને આ સંસ્થાઓ દ્વારા આવી અન્યાયગ્રસ્ત સ્ત્રીઓ માટે ત્યક્તા-ગૃહો, વિકાસગૃહો, અનાથાલયો સ્થપાયાં. જેમાં શિકાર થયેલી સ્ત્રીઓના રક્ષણ-પોષણ-શિક્ષણ તેમ જ આર્થિક રીતે પગભર કરવાનું આયોજન થતું. અલબત્ત, આ બધાં રાહતકાર્યો હતાં. મલમપટ્ટા કરનારાં. પણ દરેક કાળે આવાં રાહત કાર્યોની પણ એટલી જ જરૂર હોય છે. રેડક્રોસ સંસ્થા યુદ્ધના દૂષણને મીટાવી ન શકે, પણ ઘાયલ સૈનિકોના પાટાપીંડીનો ઈન્કાર પણ કેવી રીતે થઈ શકે? કુંવારી કે વિધવા માતાનાં તજી દેવાયલાં બાળકો માટે મધર ટેરેસા દ્વારા જે કરુણાકાર્ય થયું તે જગવિખ્યાત છે.

# 6

# વર્તમાનના વિવિધ પ્રવાહો

આજે દુનિયા સાંકડી થઈ ગઈ છે. વિશ્વના પ્રવાહો દેશદેશમાં ફેલાય છે. ભારતમાં પણ સ્ત્રી-જાગરણ ઉત્તરોત્તર પાકટ થતું જાય છે. વિશાળ દેશ છે એટલે જુદા જુદા સ્તરે, જુદા જુદા દૃષ્ટિકોણપૂર્વક કામ થતું રહે છે, છતાં ય કહી શકાય કે આ આંદોલનોમાં એક સ્વસ્થ અભિગમની ભાત ઉપસી આવે છે. આરંભે ભારતમાં સ્ત્રીશક્તિ-જાગરણ સમાજધારક પુરુષોના માર્ગદર્શનમાં થતું રહ્યું અને પછી ધીરે ધીરે એ સ્વાયત્ત બન્યું.

ભારતમાં સ્ત્રીજાગરણના મુખ્યત્વે ત્રણ પ્રકાર દેખાય છે. એક છે - ઉદારમતવાદી, બીજો છે ઉદ્દામવાદી છે અને ત્રીજો સમાજવાદી.

## ઉદારમતવાદી પવૃત્તિઓ

આ પ્રકારની પ્રવૃત્તિઓમાં સ્ત્રી પર થતાં અન્યાયને ગૃહિત માની લઈ અન્યાય નહીં, પણ અન્યાયની પીડા દૂર કરવાનો પ્રયાસ થાય છે. હકીકતમાં, તો આટલું કાર્ય પણ ખાસ્સી મઝલ કાપ્યા બાદ ફલિત થાય છે. આરંભે તો સ્ત્રી-જાગૃતિ એટલે ઘર બહારનાં કોઈ સામાજિક સ્ત્રીમંડળમાં સામેલ થવું. આ મહિલા મંડળોમાં સ્ત્રીઓને ગૃહોપયોગી માર્ગદર્શન આપવામાં આવે. માતા તથા બાળકોના સ્વાસ્થ્ય અંગેની ચર્ચાઓ થાય. પ્રોત્સાહન આપવા વાનગી - અંબોડા-મેંદી હરિફાઈ યોજાય. કેટલાંક મહિલા મંડળો ભજનો દ્વારા સત્સંગ મંડળ સ્થાપે, તો કેટલાકમાં નવરાત્રી-પર્વમાં ગરબા જેવા મનોરંજનના કાર્યક્રમો ગોઠવાય. થોડીક જાગૃતિ વધે તો સ્ત્રીઓની આજીવિકા ઊભી થાય તેવા ઉદ્યોગો શરૂ થાય. શિવણ-ભરત વર્ગો શરૂ કરાય. ક્યાંક વળી પાપડ-ઉદ્યોગ પણ શરૂ કરાય. મંડળો થોડા વધુ સક્રિય હોય તો ઝૂંપડપટ્ટીઓમાં જઈ ગરીબ સ્ત્રીઓને કપડાં વહેંચે, માંદાને દવાદારૂ પહોંચાડે. શક્ય હોય તો કાનૂની સહાય પણ કરે.

આ સંસ્થાઓ થોડી માતબર હોય તો ત્યક્તા સ્ત્રીઓ માટે

આશ્રમગૃહો સ્થાપે, કુંવારી કે વિધવા માતાઓનાં તજી દેવાતાં બાળકો માટેનાં અનાથાલયો સંભાળે. કેટલાંક મંડળો વેશ્યાગૃહોમાં જઈને પણ સેવાકાર્યો કરે. હવે તો સ્ત્રીઓ માટેના વૃદ્ધાશ્રમો પણ સ્થાપે, માનસિક રીતે પીડિત સ્ત્રીઓ માટે પણ પ્રવૃત્તિઓ ચલાવે.

પરંતુ આ બધી પ્રવૃત્તિઓ ચાલુ સમાજ રચનાને યથાવત્ રાખી, ઊભા થતા પ્રશ્નોમાં થોડીક રાહત પહોંચાડવાનું કાર્ય કરે. સમસ્યાઓના મૂળમાં જઈ 'મૂળે-પ્રહાર' ન કરે. આમ આ બધી પ્રવૃત્તિઓનું સ્વરૂપ રાહત કાર્યોનું રહે, તેમ છતાં ય દાઝેલા માટે તો ત્વરિત મલમપટ્ટાની પણ જરૂર રહે જ છે! આ દિશાનું મધર ટેરેસાનું માતૃકાર્ય એક ઉદાહરણરૂપ બન્યું છે, જેની સુગંધ વિશ્વમાં વહી છે.

## ઉદ્દામ પ્રવૃત્તિઓ

બીજો પ્રકાર છે – ઉદ્દામતવાદીનો. આ પ્રકારની સ્ત્રીઓ પુરુષો દ્વારા થતા અન્યાયને ઘડીભર પણ સાંખી લેવા તૈયાર નથી. તેઓ પિતૃસત્તાક સમાજ રચનાનો જ ઘોર વિરોધ કરે છે. કુટુંબોમાં તો અન્યાયોને, ડગલે ને પગલે દાખવાતી અસમાનતાને તેઓ અનેક સ્વરૂપે વાચા આપે છે. શેરીનાટકો, સાહિત્ય, દસ્તાવેજી ફિલ્મો જેવાં અનેક માધ્યમો દ્વારા તેઓ પુરુષપ્રધાન સમાજ સામે બંડ પોકારે છે. સ્ત્રી પર થતા બળાત્કાર કે દહેજ-દૂર્ઘટનાના પ્રસંગે અન્યાયકર્તાઓ સુધી પહોંચી તેમનો સામાજિક બહિષ્કાર કરાવવા સુધી પ્રયત્નશીલ રહે છે. એમના હૈયામાં આગ છે, પ્રચંડ રોષ છે. યુગો યુગોથી પુરુષોની જોહૂકમી સાંખી લેતી સ્ત્રીઓ સામે એમને ફરિયાદ છે. એમને સીતા-દ્રૌપદી કે સાવિત્રી સકંજારૂપ લાગે છે. અન્યાય સામે પ્રચંડ વિરોધ અને વિદ્રોહ દાખવવો એ પ્રધાન કાર્ય હોવા છતાં, અન્યાય થનાર વ્યક્તિને ન્યાય અપાવવા માટે પણ પ્રયત્નશીલ રહે છે. એમના આંદોલનને તેઓ નારી મુક્તિ-આંદોલન કહે છે. પિતૃસત્તાક-પુરુષ-પ્રધાન-સમાજ સામે વિદ્રોહ કરી સ્ત્રીનું સ્વાતંત્ર્ય સ્થાપવું, સ્ત્રીની સમાનતાની ભૂમિકા સ્થાપવી – આ છે એમની કાર્યદિશા.

## સમાજકેન્દ્રિત નારી જાગરણ

ત્રીજો પ્રકાર છે - સમાજવાદી નારી-આંદોલનોનો આ પ્રકારમાં સ્ત્રી પ્રત્યે થતાં અન્યાયોની નોંધ જરુર લેવાય છે. એ અન્યાયોને નિવારવા પ્રયત્નો પણ થાય છે. એ માટે જવાબદાર એવા પુરુષ-પ્રાધાન્યને પણ પડકારવામાં આવે છે અને સ્ત્રીની દોયં ભૂમિકાનો સ્વીકાર હરગીજ થતો નથી. આ બધું હોવા છતાં, સ્ત્રીજગતની સમસ્યાને એ સામાજિક સમસ્યા માને છે. આ સમસ્યાને ઉકેલવા વર્તમાન સમાજનાં પ્રચલિત મૂલ્યોને બદલવાની વાત મૂકે છે, સત્તા ચલાવવાની આધિપત્ય વૃત્તિ સામે એમનો વિરોધ છે. એ પુરુષમાં પણ હોઈ શકે, સ્ત્રીમાં પણ હોઈ શકે. પુરુષ-પ્રાધાન્ય ભોગવતા સમાજમાં પુરુષોમા વિશેષરૂપે હોઈ શકે, તેથી આ વલણનો વિરોધ કરવો, ન કે પુરુષોનો વિરોધ!

આ પ્રકારમાં સ્ત્રી-પુરુષોને સામસામા મોરચામાં ગોઠવી દેવાનું વલણ નથી, બલ્કે જાગૃત અને સમજદાર નાગરિકોનું સહિયારું કર્તૃત્વ ઊભું કરી સ્ત્રીઓના અન્યાયો નિવારવાનું રહે છે. આ સ્ત્રી સંસ્થાઓ સ્વતંત્ર-સ્વાયત્ત હોય છે, પણ એમને સમાનધર્મી પુરુષોના સાથ-સહકારનો ઈન્કાર નથી.

વળી આવા સમાજલક્ષી આંદોલનમાં સ્ત્રીઓની શક્તિ અન્ય સામાજિક સમસ્યાઓમાં પણ લાગે છે. સમાજમાં બીજી અસમાનતાઓ પણ છે. એમને દૂર કરવામાં સ્ત્રીઓ લાગે છે તો તેમાં સ્ત્રીશક્તિ વધે જ છે, આ દૃષ્ટિએ પણ સ્ત્રી-સંગઠનો આવા પ્રશ્નો હાથ ધરે છે અને પુરુષો સાથે ખભે ખભો મિલાવી કાર્ય કરે છે. આવા કાર્યક્રમોમાં સ્ત્રીની ભૂમિકા માત્ર 'સ્ત્રી'ની નથી રહેતી, એ 'નાગરિક'ની ભૂમિકાએ કામ કરે છે, એમાં એ સ્વતંત્ર રીતે પણ કામ કરી જાણે છે અને પુરુષો સાથે મળીને પણ કામ કરી જાણે છે. આ ભૂમિકામાં સ્ત્રીઓને સમજાયું છે કે જ્યાં સુધી સ્ત્રીઓ સમાજની કોઈ સમસ્યા સાથે જોડાઈને કામ નથી કરતી ત્યારે માત્ર સ્ત્રી-જાગૃતિની વાત થોડી હવાઈ વાત થઈ જાય છે. વળી, બીજી સમસ્યાઓ હાથમાં લઈને કામ કરાય છે, ત્યારે સ્ત્રી-પુરુષ-અસમાનતા દૂર કરવાનું લક્ષ્ય

પણ આપોઆપ સિદ્ધ થઈ જાય છે. પર્યાવરણ-ક્ષતિ અટકે છે તો સ્ત્રીઓને ન્યાય મળે જ છે. આનો અર્થ એવો નથી કે પુરુષો દ્વારા આચરાતા પ્રત્યક્ષ અન્યાયોનો વિરોધ ન કરવો! પરંતુ મોટા ભાગના અન્યાયો માટે સમાજના પ્રચલિત મૂલ્યો જવાબદાર હોય છે, તો તે મૂલ્યોને હટાવી, નવાં મૂલ્યો સ્થાપિત કરવાની સામાજિક ક્રાંતિ વધારે ઈષ્ટ છે, તેવું આ વિચારધારા માને છે. આવા સામાજિક ધ્યેયને અનુલક્ષીને ચલાતાં આંદોલનોમાં સ્ત્રીઓ પોતાનો મહત્વનો ફાળો નોંધાવ્યો છે, તેના પર થોડીક નજર ફેરવીએ.

## ભૂદાનમાં સ્ત્રીઓનો ફાળો

સ્વરાજ્ય પ્રાપ્તિ પછી દેશનાં રાષ્ટ્રીય કાર્યોમાં સ્ત્રીઓનો ફાળો નોંધાયો હોય તેવાં કેટલાંક આંદોલનોનો ઉલ્લેખ પણ જરુરી છે. આર્થિક સ્વાતંત્ર્ય માટે, દેશના સાવ છેવાડે ઊભેલા અંતિમ માણસને જમીન પહોંચાડવા માટે ચાલેલા ભૂદાન-આંદોલનમાં યુવાનોની જે નવી પેઢી આવી, તેમાં બહેનો પણ હતી. સ્વરાજ્ય પ્રાપ્તિના આંદોલન કરતાં આ આંદોલનની તાસીર જુદી હતી. અહીં ગામે ગામ ફરી, જમીનદારોને વિનવી ગરીબો માટે ભૂદાન મેળવી, ભૂમિહીનોમાં વહેંચવાનું હતું. ૧૯૫૧થી '૬૦ સુધી સમસ્ત ભારતદેશમાં અનેક પદયાત્રાઓ ગામે ગામ ફરી વળી, તેમાં સ્ત્રીઓ પણ જોડાઈ. ભલે આ આંદોલન કેવળ સ્ત્રીઓનું સ્વતંત્ર આંદોલન નહોતું, એક સામાજિક લક્ષ્યને સિદ્ધ કરવા માટેનો પ્રયાસ હતો તેમ છતાં ય એમાં સ્ત્રીનું વ્યક્તિત્વ નીખર્યું અને સૌમ્ય છતાં ય સશક્ત એવી સ્ત્રી-શક્તિનો પરિચય દેશને મળ્યો.

ભૂદાન આંદોલનને પરિણામે, વિશેષતઃ તો આ આંદોલનના પ્રણેતા પ્રાજ્ઞપુરુષ વિનોબાજીને કારણે નારી ચેતનાની અનેક વણદીઠી ક્ષિતિજો ખૂલી. સમસ્ત ભારત દેશમાં ચાર બહેનોની લોકયાત્રા પગપાળા ગામે ગામ બાર વર્ષ સુધી, સૂર્યના સાતત્યપૂર્વક ઘૂમી અને સમસ્ત ભારતદેશને સર્વોદયનો સંદેશો પહોંચાડ્યો.

આથી પણ વધુ અભૂતપૂર્વ કહી શકાય એવું એક બીજું

## સમાજકેન્દ્રિત નારી જાગરણ

ત્રીજો પ્રકાર છે – સમાજવાદી નારી-આંદોલનોનો આ પ્રકારમાં સ્ત્રી પ્રત્યે થતાં અન્યાયોની નોંધ જરુર લેવાય છે. એ અન્યાયોને નિવારવા પ્રયત્નો પણ થાય છે. એ માટે જવાબદાર એવા પુરુષ-પ્રાધાન્યને પણ પડકારવામાં આવે છે અને સ્ત્રીની દોયં ભૂમિકાનો સ્વીકાર હરગીજ થતો નથી. આ બધું હોવા છતાં, સ્ત્રીજગતની સમસ્યાને એ સામાજિક સમસ્યા માને છે. આ સમસ્યાને ઉકેલવા વર્તમાન સમાજનાં પ્રચલિત મૂલ્યોને બદલવાની વાત મૂકે છે, સત્તા ચલાવવાની આધિપત્ય વૃત્તિ સામે એમનો વિરોધ છે. એ પુરુષમાં પણ હોઈ શકે, સ્ત્રીમાં પણ હોઈ શકે. પુરુષ-પ્રાધાન્ય ભોગવતા સમાજમાં પુરુષોમા વિશેષરૂપે હોઈ શકે, તેથી આ વલણનો વિરોધ કરવો, ન કે પુરુષોનો વિરોધ!

આ પ્રકારમાં સ્ત્રી-પુરુષોને સામસામા મોરચામાં ગોઠવી દેવાનું વલણ નથી, બલ્કે જાગૃત અને સમજદાર નાગરિકોનું સહિયારું કર્તૃત્વ ઊભું કરી સ્ત્રીઓના અન્યાયો નિવારવાનું રહે છે. આ સ્ત્રી સંસ્થાઓ સ્વતંત્ર-સ્વાયત્ત હોય છે, પણ એમને સમાનધર્મી પુરુષોના સાથ-સહકારનો ઈન્કાર નથી.

વળી આવા સમાજલક્ષી આંદોલનમાં સ્ત્રીઓની શક્તિ અન્ય સામાજિક સમસ્યાઓમાં પણ લાગે છે. સમાજમાં બીજી અસમાનતાઓ પણ છે. એમને દૂર કરવામાં સ્ત્રીઓ લાગે છે તો તેમાં સ્ત્રીશક્તિ વધે જ છે, આ દૃષ્ટિએ પણ સ્ત્રી-સંગઠનો આવા પ્રશ્નો હાથ ધરે છે અને પુરુષો સાથે ખભે ખભો મિલાવી કાર્ય કરે છે. આવા કાર્યક્રમોમાં સ્ત્રીની ભૂમિકા માત્ર 'સ્ત્રી'ની નથી રહેતી, એ 'નાગરિક'ની ભૂમિકાએ કામ કરે છે, એમાં એ સ્વતંત્ર રીતે પણ કામ કરી જાણે છે અને પુરુષો સાથે મળીને પણ કામ કરી જાણે છે. આ ભૂમિકામાં સ્ત્રીઓને સમજાયું છે કે જયાં સુધી સ્ત્રીઓ સમાજની કોઈ સમસ્યા સાથે જોડાઈને કામ નથી કરતી ત્યારે માત્ર સ્ત્રી-જાગૃતિની વાત થોડી હવાઈ વાત થઈ જાય છે. વળી, બીજી સમસ્યાઓ હાથમાં લઈને કામ કરાય છે, ત્યારે સ્ત્રી-પુરુષ-અસમાનતા દૂર કરવાનું લક્ષ્ય

પણ આપોઆપ સિદ્ધ થઈ જાય છે. પર્યાવરણ-ક્ષતિ અટકે છે તો સ્ત્રીઓને ન્યાય મળે જ છે. આનો અર્થ એવો નથી કે પુરુષો દ્વારા આચરાતા પ્રત્યક્ષ અન્યાયોનો વિરોધ ન કરવો! પરંતુ મોટા ભાગના અન્યાયો માટે સમાજના પ્રચલિત મૂલ્યો જવાબદાર હોય છે, તો તે મૂલ્યોને હટાવી, નવાં મૂલ્યો સ્થાપિત કરવાની સામાજિક ક્રાંતિ વધારે ઈષ્ટ છે, તેવું આ વિચારધારા માને છે. આવા સામાજિક ધ્યેયને અનુલક્ષીને ચલાતાં આંદોલનોમાં સ્ત્રીઓ પોતાનો મહત્વનો ફાળો નોંધાવ્યો છે, તેના પર થોડીક નજર ફેરવીએ.

## ભૂદાનમાં સ્ત્રીઓનો ફાળો

સ્વરાજ્ય પ્રાપ્તિ પછી દેશનાં રાષ્ટ્રીય કાર્યોમાં સ્ત્રીઓનો ફાળો નોંધાયો હોય તેવાં કેટલાંક આંદોલનોનો ઉલ્લેખ પણ જરુરી છે. આર્થિક સ્વાતંત્ર્ય માટે, દેશના સાવ છેવાડે ઊભેલા અંતિમ માણસને જમીન પહોંચાડવા માટે ચાલેલા ભૂદાન-આંદોલનમાં યુવાનોની જે નવી પેઢી આવી, તેમાં બહેનો પણ હતી. સ્વરાજ્ય પ્રાપ્તિના આંદોલન કરતાં આ આંદોલનની તાસીર જુદી હતી. અહીં ગામે ગામ ફરી, જમીનદારોને વિનવી ગરીબો માટે ભૂદાન મેળવી, ભૂમિહીનોમાં વહેંચવાનું હતું. ૧૯૫૧થી '૬૦ સુધી સમસ્ત ભારતદેશમાં અનેક પદયાત્રાઓ ગામે ગામ ફરી વળી, તેમાં સ્ત્રીઓ પણ જોડાઈ. ભલે આ આંદોલન કેવળ સ્ત્રીઓનું સ્વતંત્ર આંદોલન નહોતું, એક સામાજિક લક્ષ્યને સિદ્ધ કરવા માટેનો પ્રયાસ હતો તેમ છતાં ય એમાં સ્ત્રીનું વ્યક્તિત્વ નીખર્યું અને સૌમ્ય છતાં ય સશક્ત એવી સ્ત્રી-શક્તિનો પરિચય દેશને મળ્યો.

ભૂદાન આંદોલનને પરિણામે, વિશેષતઃ તો આ આંદોલનના પ્રણેતા પ્રાજ્ઞપુરુષ વિનોબાજીને કારણે નારી ચેતનાની અનેક વણદીઠી ક્ષિતિજો ખૂલી. સમસ્ત ભારત દેશમાં ચાર બહેનોની લોકયાત્રા પગપાળા ગામે ગામ બાર વર્ષ સુધી, સૂર્યના સાતત્યપૂર્વક ઘૂમી અને સમસ્ત ભારતદેશને સર્વોદયનો સંદેશો પહોંચાડ્યો.

આથી પણ વધુ અભૂતપૂર્વ કહી શકાય એવું એક બીજું

ક્રાંતિકાર્ય થયું તે - મહિલાઓનું બ્રહ્મવિદ્યામંદિર. સમાજના મૂલ્ય-પરિવર્તનને સામે રાખી. બ્રહ્મચર્યપૂર્વક પારિશ્રમિક જીવન જીવી બ્રહ્મવિદ્યાની સામૂહિક સાધનાનો નવો જીવનમંત્ર પ્રાદુર્ભાવ પામ્યો. છેલ્લાં ચાળીસ વર્ષોથી પવનારની પાવન ભૂમિ પર બ્રહ્મવિદ્યા મંદિરનો આ પ્રયોગ નવયુગના ઊગતા સૂરજના પુનીત અજવાળાં પાથરી રહ્યો છે. નારીચેતના માટે બ્રહ્મચર્ય અને સંન્યાસના મૂલ્યની સામૂહિક સાધના શીખવતા આ પદાર્પણે જીવનની એક અકલ્પનીય ક્ષિતિજ ખોલી આપી છે.

## શરાબ અને પર્યાવરણ ક્ષેત્રે

૧૯૬૦ પછીના ગાળામાં ભારતમાં સ્ત્રીજાગૃતિનાં જે વિવિધ કામો ચાલ્યાં, તેનું સ્વરૂપ વિવિધ રહ્યું. ધીરે ધીરે સ્ત્રીઓની સમસ્યાઓને જ મુખર બનાવતા સ્વાયત્ત સ્ત્રી સંગઠનો ઊભા થયાં. શરાબબંધી માટે દેશના વિવિધ ભાગોમાં સ્ત્રીઓએ પ્રભાવકારી આંદોલનો કર્યા. ઉત્તરાખંડમાં ‘જંગલ બચાવો આંદોલન’માં ‘ચિપકો-આંદોલન’ જેવા કાર્યક્રમોમાં પ્રમુખ હિસ્સો સ્ત્રીઓનો જ રહ્યો. ૧૯૭૭માં ટિહરી ગઢવાલના જંગલ પ્રદેશમાં પોલીસ ઠેકેદારો સાથે ઝાડો કાપવા પહોંચી ત્યારે સર્વત્ર એક જ દૃશ્ય જોવા મળ્યું - ઝાડને બાથ ભરીને ઊભેલી સ્ત્રી! કૂહાડીનો પહેલો ઘા મારા હાથ ઝીલશે - આ એમનો ક્રાંતિમંત્ર હતો. પર્યાવરણ ક્ષેત્રે મેધા પાટકરની આગેવાનીમાં ચાલતું ‘નર્મદા બચાવો આંદોલન’ પણ ઉલ્લેખનીય છે.

૧૯૭૫માં બિહારમાં મઠોની મોટી જમીનદારી સામે છાત્ર યુવા સંઘર્ષ વાહિની દ્વારા આંદોલન ચાલ્યું. એનો નારો હતો ‘જે જમીનને વાવે-ખેડે, એ જ બને જમીનનો માલિક!’ આ આંદોલનમાં જમીનની માલિકી સ્ત્રીઓના નામે થાય, તે માટે ખેતમજૂર સ્ત્રીઓને સંગઠિત કરવામાં આવી. આમાં મહિલા કાર્યકરોને પ્રમુખ હિસ્સો રહ્યો. દક્ષિણ ભારતમાં, તમિલનાડમાં શ્રીમતી કૃષ્ણમ્માની દોરવણી હેઠળ ખેતમજૂર સ્ત્રીઓના નામે જમીન અપાવવાનું સફળ આંદોલન થયું.

૧૯૭૨ દરમ્યાન, ચીજવસ્તુના ભાવ આસમાને પહોંચતાં

મોંઘવારી સામે ઠેર ઠેર મહિલા-આંદોલનો થયાં. આને પરિણામે સમાજના પછાત વર્ગની સ્ત્રીઓની સાચી પરિસ્થિતિની મૂલવણી કરવા ભારત સરકારે ૧૯૭૨માં એક મહિલા રાષ્ટ્રીય આયોગ સ્થાપી સર્વેક્ષણ કરાયું. ગુજરાતનાં ઈલાબહેન ભટ્ટ આ આયોગના પ્રમુખપદે હતાં. 'શ્રમશક્તિ' નામે આંખો ઉઘાડી નાંખે એવો સચોટ અહેવાલ આ આયોગે પ્રસિદ્ધ કર્યો. ઈલાબહેનના સેવા-આંદોલનને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીઓનું વિશ્વવ્યાપી ભગિનીત્વ નિર્માણ કર્યું. એ તો આપણે આગળ જોઈ જ ગયા છીએ.

## વિશ્વમહિલા દશક

૧૯૭૫ દરમ્યાન યુનો દ્વારા વિશ્વ મહિલા-વર્ષની જાહેરાત થઈ અને ઘરઆંગણે સ્ત્રી પર આચરાતા અન્યાયો સામે વ્યાપક પોકાર પ્રગટ થયો. વિધિનો આ ક્રૂર કટાક્ષ હતો કે સમાજમાં જેમ જેમ સ્ત્રીજાગૃતિ વધતી ચાલી, તેમ તેમ એના પરના જુલ્મો પણ વધતા ચાલ્યા. અપહરણ-બળાત્કાર અને સ્ત્રી હત્યા, તથા આપઘાતોની સંખ્યા વધી. આ બધા અત્યાચારોનો સામનો કરતા દેશમાં અસંખ્ય સ્ત્રીસંસ્થાઓ નિર્માણ થઈ અને કમર કસીને કામે લાગી.

## વિવિધ ક્ષેત્રે સ્ત્રી-દાક્ષિણ્ય

સ્વરાજ્ય પ્રાપ્તિ પછી સ્ત્રી શિક્ષણ વધ્યું, અને પરિણામે કેટલીક સ્ત્રીઓએ દાક્તર, શિક્ષક જેવા વ્યવસાયોમાં કારકિર્દી ઘડવા પ્રવેશ મેળવ્યો અને ધીરે ધીરે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ કે પ્રાથમિક શાળાઓ મહદંશે શિક્ષિકાઓને જ સોંપાઈ ગઈ. રાજકીય ક્ષેત્રે ભારતની સ્ત્રીઓને સ્વરાજ્ય મળતાં જ બંધારણ દ્વારા મતાધિકાર મળી ગયો અને એના માટે કોઈ જ સંઘર્ષ કરવો ન પડ્યો, તેની પાછળ ભારતીય સંસ્કૃતિની મહિલા-સન્માનની દૃષ્ટિ જ કારણભૂત જણાય છે. જો કે રાજકીય ક્ષેત્રમાં સંસદ કે ધારા સભ્ય બનીને દેશને સેવા આપવાનું પ્રમાણ ધીરે ધીરે વધ્યું અને આગળ જતાં દુનિયામાં સર્વપ્રથમ મહિલા વડાપ્રધાન બનવાનું ગૌરવ ભારતને મળ્યું. આ

રાજકીય સત્તા ક્ષેત્રે ધીરે ધીરે સ્ત્રી-ઉમેદવારોની સંખ્યા વધતી ગઈ, લોકસભામાં સ્ત્રીઓ માટે ત્રીસ ટકા આરક્ષણ મળે, તે માટેનું આંદોલન આજે ચાલે જ છે, દરમ્યાન ગ્રામીણ ક્ષેત્રે અનેક મહિલાઓએ શરપંચ બનીને સુંદર પરિણામો લાવી દેખાડ્યાં છે. સમાજના રાજકીય, આર્થિક કે સનદી નોકરીના ક્ષેત્રે સર્વત્ર સામાન્ય અનુભવ બહેનોને આ આવ્યો કે સ્ત્રીઓ આગળ આવે, પુરુષોની ઉપરી બનીને પદ શોભાવે તે હજુ પુરુષ-મિજાજને બહુ માફક આવતું નથી. અમુક પ્રદેશોમાં તો કલેકટરના પદ સુધી સ્ત્રીઓ પહોંચે જ નહીં એ રીતે એના પગ પાછળથી ખેંચાતા રહે છે. તેમ છતાં ય એકંદરે, પુરુષપ્રધાન સમાજે સ્ત્રીઓના આ સામાજિક ભૂમિકાના પદાર્પણને અત્યંત સહજ રીતે લીધું. પોલીસ વિભાગના વડા તરીકે શ્રીમતી કિરણ બેદીના કાર્યકલાપને પુરુષો પણ મુક્તભાવે વખાણે છે એ વાત સિદ્ધ કરે છે કે સમાજને સ્ત્રીઓના ક્રાંતિકારી પદાર્પણની કદર છે. અલબત્ત, એના કારણે પારિવારિક જીવનમાં જે સંઘર્ષ બીજા દેશોમાં આવ્યો, તે ભારતમાં પણ આવ્યો, પરંતુ ભારતમાં થોડી અવળી પ્રક્રિયા પણ થઈ. બહાર કામધંધો કે નોકરી કરવાને કારણે સ્ત્રીઓ પરનો બોજો વધ્યો. ભારતનો પુરુષ એકદમ પોતાનું અહંપદ છોડી, સમાન-પદ સ્વીકારવા તૈયાર ન થઈ શક્યો પણ હવે ધીરે ધીરે એ પણ ટેવાતો જાય છે. એકંદરે, બહારનું કામ સ્વીકારવાને લીધે સ્ત્રીઓ પરનું ભારણ વધ્યું છે અને પુરુષોની સમાન ભૂમિકા પરત્વેની જાગૃતિ અત્યંત ધીમી છે, વળી થોડી પ્રત્યાઘાતી પણ છે.

## પ્રાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ તળે

આજે એક બીજો પ્રશ્ન પણ ઊભો થઈ રહ્યો છે અને તે વિદેશી સંસ્કૃતિઓનું સંક્રમણ. છેલ્લાં વીસેક વર્ષમાં પ્રાશ્ચાત્ય સંસ્કૃતિનું યુવામાનસ પર એવું પ્રબળ આક્રમણ થયું છે કે એનું અકલ્પ્ય રૂપ આજે, સામે ખડું થઈ ગયું છે. આજે દૂરદર્શન પર યૌવનનો જે પ્રકાર પ્રસ્તુત થાય છે, તે ઘણું ચિંતન-મનન માંગી લે તેવો છે. જાહેરાતોમાં સ્ત્રીની જે છબી ઉપાસાવવામાં આવે છે, તેમાં પણ અન્યાય અને

અભદ્રતાના જ દર્શન થાય છે. સાબુની જાહેરાતો એટલે પુરુષ સ્વચ્છ કપડાં પહેરનારો અને સ્ત્રી પતિનાં કપડાંને સાબું ઘસી-ઘસીને ઉજળી કરનારી બાઈ. કયો સૂટ અને ક્યું શર્ટ પહેર્યું છે, તેટલા માત્રથી યુવતી યુવાન પર મોહી પડે. દેહનું અભદ્ર પ્રદર્શન તો એટલું સહજ થઈ ગયું છે કે જાણે હવે એની નવાઈ જ નથી રહી. સમજણ નથી પડતી કે સ્ત્રીઓ પોતે આ રીતે પોતાનાં અંગોપાંગનું નગ્ન પ્રદર્શન કરવા કેમ તૈયાર થઈ જાય છે અને પુરુષો પણ એને કેમ ચલાવી લે છે? મહાભારતના ચિત્ર જોશો તો ભરસભામાં દ્રૌપદીનાં વસ્ત્રો હરાય છે, ત્યારે મોટા ભાગના દરબારીઓનાં મોઢાં નીચું જોઈ જાય છે. આજનો પુરુષ ઊંચું જોઈ આવી સ્ત્રી સાથે વાત કેવી રીતે કરી શકે છે એ જ સમજાતું નથી. કોઈ કહેશે કે જમાનો એટલો આગળ વધ્યો છે અને શરીરની રૂપવાસના એને સતાવતી - ભડકાવતી નથી, તો રાજી થવા જેવું છે, પરંતુ એવું છે ખરું? સ્વાતંત્ર્ય અને સમાનતાના નામે આજે સ્વેચ્છાચાર વધી રહ્યો છે. મોડેલીંગના વ્યવસાયમાં ગળાકાપ હરીફાઈ છે. સૌંદર્ય સ્પર્ધાઓ વધી રહી છે. જૂવાન છોકરા-છોકરીઓના સ્વરછંદી આચાર-વિચારને લોકમાન્યતા આપવાનું જાણે ષડ્યંત્ર ગોઠવાયું હોય તેવો ભાસ થાય છે. આખી પેઢી જાણે ગુમરાહ થઈ ગઈ હોય તેવું અનુભવાય, તેમ છતાં ય કહેવું પડે એમ છે કે આવી પરિસ્થિતિમાં પણ દેશના યૌવનધને પોતાનું સત્વ પ્રગટ કર્યું છે.

ભારત ભરમાં કેટલાક યુવા સંગઠનોએ દેશની જુદી જુદી સમસ્યાઓને હાથમાં લઈ જાણે ફનાગીરી સ્વીકારી હોય તેમ કામે લાગી ગયાં છે. કહેવાની જરૂર ન હોય કે આમાં સ્ત્રીઓ પણ હાજર છે જ. હજુ તો પચ્ચીસીના ઉંબરમાં પ્રવેશતી હોય પણ એવી જૂવાની ઠેઠ અંતરિયાળ ગામડાંમાં બેસી ગામડાંને મજબૂત કરી ભારતને મજબૂત કરવા પ્રયત્નશીલ છે. ગામડાની સ્ત્રીશક્તિને જાગૃત કરી આર્થિક રીતે પગભર બનાવવાનાં કામોમાં યુવા બહેનો લાગી છે. કેટલીક બહેનોએ પાણી પ્રશ્ન હાથ ધર્યો છે, તો કેટલીકે બાળ-મજૂરીનો! સમાજના છેવાડે ઊભેલા મનુષ્ય માટેની એમની જે નિસ્બત અનુભવવા મળે છે તેને સલામ કરવાનું મન થઈ જાય છે.

# સ્ત્રી-પુરુષ-સંબંધ સખ્ય-સંબંધ ક્યારે બનશે?

આપણે વીસમી સદીનો ઉંબર વટાવી એકવીસમી સદીમાં દાખલ થઈ રહ્યાં છીએ. ત્યારે વીતી ચૂકેલી સદીનું સરવૈયું તપાસી લેવું હિતકારક સિદ્ધ થશે. આમ તો સમાજની સર્વાંગી બાબતોનું સિંહાવલોકન થવું જોઈએ. પણ અહીં આપણે સ્ત્રીપુરુષ સંબંધના સંદર્ભે નારીજાગરણના પરિપ્રેક્ષ્યમાં જ વીસમી સદીને તપાસીશું. કોઈકને પૂછવામાં આવ્યું કે વીસમી સદીનો મોટામાં મોટો ચમત્કાર કયો? ત્યારે જવાબ મળેલો કે 'Neither the world war, nor the Russian Revolution, but the Change in the status of woman' નારીની પ્રતિષ્ઠા અને ભૂમિકામાં પરિવર્તન એ વીસમી સદીનો મોટામાં મોટો ચમત્કાર છે.

સ્ત્રી અને પુરુષ બંને માનવ સમાજના સમાન મહત્વનાં ઘટક છે. બંનેના વિકાસથી સમાજ પરિપુષ્ટ થઈ શકે. માનવ જીવન સંબંધોનો સરવાળો છે. અનેકવિધ સંબંધોથી સમાજનું સંકુલ નિર્માય છે. એમાંય સ્ત્રી-પુરુષ-સંબંધના તાણાવાણા અનેક સંબંધોની ભૂમિકા રચવામાં ભાગ ભજવે છે. એવા સંજોગોમાં સ્ત્રી-પુરુષ-સંબંધમાં જેટલી મરવાઈ પ્રગટાવી શકાશે તેટલા અંશે માનવજીવન વધુ સ્વસ્થ, સુંદર અને મંગળમય સિદ્ધ કરી શકાશે. આજના આ સંધિકાળની પુણ્ય ઘડીમાં આપણે આ સ્ત્રી-પુરુષ-સંબંધના વિવિધ પાસાંને સમજવાનો પ્રયાસ કરીશું. સંભવ છે કે આવનારી સદીઓમાં સ્ત્રી-પુરુષ સહજીવન માનવતાની અનેક નવી ક્ષિતિજો ખોલી આપશે.



## સ્વસ્થ સંબંધોનું આદિ-ચરણ

મહાભારતનો એક જાણીતો પ્રસંગ છે. કુરુક્ષેત્રના યુદ્ધમેદાન પર લડાઈની તૈયારીઓ થઈ રહી હતી એ જ અરસામાં એક ટિટોડી એનાં ઇંડાં એ રણભૂમિના મેદાનમાં મૂકે છે. યુદ્ધ શરૂ થઈ જાય છે અને આ બાજુ [illegible] વળે છે કે મારાં ઈંડાંનું શું થશે? ત્યારે ગુસ્સે ભરાઈને ટિટોડો કહે છે, "ઈંડા મૂકતાં પહેલાં વિચાર ન કર્યો કે અહીં લડાઈની તૈયારીઓ થઈ રહી છે...?" "મને એમ કે માણસ અક્કલવાળું પ્રાણી છે એટલે યુદ્ધ નહીં કરે," ટિટોડી બોલી... પછી તો ભગવાન કૃષ્ણે એક વજનદાર મોટો ઘંટ ઈંડાં પર મૂકી દીધો અને ઈંડાંનું રક્ષણ કર્યું તે બધી જાણીતી વાત છે. મર્મ છે ટિટોડીના જવાબમાં. માણસ કહેવાય છે અક્કલવાળું પ્રાણી, અને છતાંય શા માટે એનો પ્રત્યેક મોરચો યુદ્ધ-મોરચો બની રહે છે, યત્ર-તત્ર-સર્વત્ર સંઘર્ષમય જીવન એ જ એની જીવનશૈલી કેમ બની રહી છે? જીવનના પ્રત્યેક સંબંધમાં તાણ, તંગદિલી, અથડામણ અને પરિણામે અજંપાભરી સ્થિતિ! અક્કલવાળો માણસ પોતાની અક્કલ આજે ક્યાં ગીરવી મૂકી આવ્યો છે?

અનેક સંઘર્ષોમાંના એક સંઘર્ષ છે સ્ત્રીપુરુષ-સંઘર્ષ. સ્ત્રી અને પુરુષ એ બંને આ પૃથ્વીનાં અવિભાજ્ય અંગ બનીને સર્જાયાં છે. કહેવાય છે કે આ જગતમાં બે વિશિષ્ટ શક્તિ કાર્ય કરી રહી છે. એક છે સૌર્ય શક્તિ. બીજી છે ચાન્દ્ર શક્તિ. પહેલી શક્તિ પ્રખર છે, રૌદ્ર છે; બીજી શીતળ અને સૌમ્ય. આ વિશ્વ ઉપરોક્ત ઉભય શક્તિની રમણા છે અને આ બંને શક્તિઓને સમરસ કરવી એ જ છે માનવીય પુરુષાર્થ, જીવનસાધના.

સ્ત્રી અને પુરુષને નિરપવાદ નિયમે ભલે આપણે ચાન્દ્ર અને સૌર્ય શક્તિમાં વિભાજી ન શકીએ, તેમ છતાંય અગણિત વર્ષોથી

વ્યક્તિત્વને પ્રાધાન્ય આપી સ્ત્રીના વ્યક્તિત્વને પૂરક બનાવવા જ પ્રયત્ન કર્યો એ ઉઘાડી હકીકત છે. એના પણ ફાયદા હશે. પણ સવાલ ફાયદા-નુકસાનનો નહીં, સવાલ જીવનનો છે, ચેતનાનો છે. લાખ રૂપિયા ઘેર આવતા હોય અને છતાંય તમારો અંતરાત્મા ડંખતો હોય, તેવું નથી બનતું? સમાજની આવી તકલાદી સલામતી ના જોઈએ, જે કેવળ સ્ત્રીના ભોગ પર ઊભી થઈ હોય. અસંખ્ય ઉદાહરણો અપાય છે કે આવી પુરુષ-પ્રધાન સમાજરચનામાં જ દ્રૌપદી-સીતા, સાવિત્રી-મંદોદરી, મીરાં - આંડાળ, શારદામા-કસ્તૂરબા પાક્યાં... એમ તો અંગ્રેજોનું મેકોલે શિક્ષણ લઈને જ મહાત્મા ગાંધીથી માંડીને તિલક-ગોખલે ક્યાં નહોતા પાક્યા? આ બધાં વ્યક્તિત્વ તો પરિસ્થિતિને ઘડનારાં વ્યક્તિત્વ. સમાજ રચવો હોય ત્યારે પરિસ્થિતિમાંથી પોષણ મેળવી શકાય તેવી પરિસ્થિતિ નિર્માણ કરવી એ સમાજ ઘડવૈયાનું કામ છે. આપણે તો સમાજમાં સ્ત્રી-પુરુષનું સ્વસ્થ સહજીવન ઊભું કરવા માગીએ છીએ. સમાન મૈત્રીની ભૂમિકા વગર સહજીવન પાંગરી જ ના શકે.

એટલે સૌથી પહેલી જરૂરિયાત આ વિચારક્રાંતિની. પુરુષચિત્તમાંથી દૃઢ થયેલો આ સંસ્કાર નિર્મૂળ થવો જોઈએ કે હું પતિ એટલે ઘરનો ધણી, માલિક. ઘરનો સઘળો વ્યવહાર મારી કૃપાદૃષ્ટિ હેઠળ ચાલે. પત્ની રોટી-કપડાં-ઘરેણાં-મોજશોખની અધિકારી, પણ તે બહારનું સ્વાતંત્ર્ય વર્જ્ય! આ સંસ્કાર પુરુષલોહીમાંથી કાઢવો અઘરો છે, પણ પુરુષ પોતે પોતાની સામે બાથ ભીડશે તો આમાંથી જરૂર તે મુક્ત થઈ શકશે.

આવા જ સંસ્કાર સ્ત્રીના ચિત્તના છે. એને હંમેશા આધાર જોઈએ, પછી તે પિતા રૂપે, ભાઈ રૂપે, પતિ કે પુત્ર રૂપે હોય. કોઈ પણ આધાર વગરના વિવેકાનંદ વિશ્વ હચમચાવે, પણ પતિ-પુત્ર-ભાઈ-પિતા વગરની કોઈપણ સ્ત્રી તે 'એકલી' 'બિચારી'! આ ગ્રંથિ છોડીને સ્ત્રીએ આત્મનિર્ભર થતાં શીખવું પડશે.

સ્ત્રી અને પુરુષ બંને પૂર્ણ, બંને સ્વાયત્ત! બંને પોતપોતાના

સત્ત્વથી ભરપૂર છલકતાં... એકમેકની સૌરભથી પરસ્પર સંપન્ન થતાં અને આસપાસના વાતાવરણને પણ સુગંધથી મહેકાવતા પરિપૂર્ણ એકમ તરીકે જીવી ના શકે? આપણે વિકાસકાર્યો વિચારતી વખતે સમાજમાં વિશ્વવિદ્યાલયો, ન્યાયાલયો, દવાખાનાં વગેરેનું આયોજન કરીએ છીએ, પણ સ્ત્રી-પુરુષના સ્વસ્થ સહજીવનનું એકમ નિર્માય તે પ્રત્યે ગાફેલ રહીએ છીએ.

મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈને એક વખત કહ્યું હતું કે અવકાશમાં ઊભા રહેવા માટે બે પગભર જમીન મને આપો અને આખી પૃથ્વી હું મારા હાથ પર ઊંચકી બતાવીશ. નારીજીવન આજે પોતાના પગ પર ઊભા રહેવા માટેની બે પગભર જમીન માત્ર ઈચ્છે છે. મારા આંગણામાં જ બે આસોપાલવ ખીલ્યા છે અને મારા ઝાંપાથી ઊંચે વિસ્તરી પરસ્પર હાથ મિલાવી સુંદર તોરણ બની ઝૂમી રહ્યા છે, પણ નીચે જોઈએ છીએ ત્યારે બંનેની ઊભા રહેવાની ધરતી વેગળી છે. જીવનનું આ એક વિશિષ્ટ લક્ષણ છે કે ઉદ્‌ગમમાં અને અંતમાં જીવ એકલો છે. સ્ત્રી-પુરુષના સહજીવનમાં પરસ્પરના આ પરમ એકતાનું રક્ષણ થશે તો જ તેમાંથી સંગીત રેલાશે.

વ્યવહારમાં આ બધી સૈદ્ધાન્તિક વાતો લાવવી આજે અઘરી લાગે છે, એમાં થોડું વેદિયાપણું પણ લાગે છે, પણ માણસ જો સતત ચાલવાનું રાખશે તો તેના જીવનમાં વહેલીમોડી આ ગૂંચ આવવાની જ. આપણા ચીલાચાલુ ધમાલિયા જીવનમાં આવાં મૂલ્યોને કેટલું સ્થાન તેવું પણ કોઈ પૂછી બેસે, પણ માણસ આટઆટલી દોડધામ કરે છે તે આત્માના સંતોષ ખાતર, અંદરની શાંતિ માટે. જે વ્યક્તિ અંદરની શાશ્વત શાંતિ ઝંખે છે, તેના જીવનમાં 'મૂલ્ય નામની નદી આવે છે જેને પાર કર્યા સિવાય શાંતિના સામા કાંઠે પહોંચી શકાતું જ નથી.

સ્ત્રી-પુરુષ-સંબંધ અંગેનો પ્રશ્ન ઘણો ચર્ચાઈ ચૂક્યો છે, આજે પણ તેની ચર્ચા ચાલતી જ રહે છે, છતાંય નારીજગતની સમસ્યાઓ ઉત્તરોત્તર વધતી જાય છે. આ સમસ્યાઓને નિવારવા સ્ત્રી-પુરુષોના સંયુક્ત પ્રયાસોની જરૂર છે. આજના તબક્કે આ પ્રયાસોને આગળ

વધારવાની દિશામાં આવું કાંઈ વિચારી શકાય કે જેથી વૈચારિક સફાઈ થતી રહે?

૧. સ્ત્રી કે પુરુષ બંને એકમેકને કશાયનું સાધન ના માને. આજે પુરુષ સ્ત્રીને ઉપભોગનું સાધન માને છે, તો સ્ત્રી પુરુષને સલામતી, સુરક્ષા, સગવડતા ઊભી કરી આપવાનું સાધન માને છે.
૨. સ્ત્રી-પુરુષ-સંબંધનો મર્મ એકબીજાને વિકસાવવામાં સમાયેલો છે, નહીં કે બીજાનો ઉપયોગ કરીને પોતાનો વિકાસ સાધી લેવો. સ્ત્રી-પુરુષના સહજીવનમાં ચિંતનનો મહદંશ આ વિચારથી રોકાયેલો રહેવો જોઈએ કે મારા જીવનસાથીનું જીવન કેમ પાંગરે? સાથીના વિકાસથી પોતાની વિકાસની માત્રા અને ગતિ પણ વધી જાય છે એ બાબતની શ્રદ્ધા જોઈએ.
૩. સ્ત્રી-પુરુષ-સંબંધમાં વૈવિધ્ય જરૂર હશે, પરંતુ શારીરિક જોડાણ તો એકમાત્ર પતિ-પત્ની વચ્ચે જ હશે. આ અનન્યનિષ્ઠા યુગ ગમે તેટલો આધુનિક હશે, તો પણ કેળવવી પડશે. લગ્નસંસ્થા નિર્માઈ છે જ વાસનાને એકમાં સીમિત કરવા માટે. સંયમ દ્વારા જીવન અનેક અણધારી વસંતો જીવનમાં ખિલાવી શકે છે, અનેક વણકલ્પેલા રસો નિર્માણ કરી શકે છે, આ તથ્યને અનુભવવા માટે લગ્નજીવનનો પ્રયોગ કરવાનો છે. પતિ-પત્ની વચ્ચે પણ સ્વેચ્છાચાર નહીં, પણ સંયમના બે કાંઠા વચ્ચે વહેતો પ્રણય બેઉ માટે પોષક અને હૂંફાળો સિદ્ધ થશે.
૪. સ્ત્રી-પુરુષ-સંબંધ કેવળ રક્તસંબંધ કે યૌનસંબંધમાં કેદ ન થવો જોઈએ. સમાજમાં સ્ત્રી-પુરુષનો મુક્ત, અશરીરી સંબંધ વિકસવો જોઈએ. આ પ્રયોગ જોખમી છે, પણ તે ટાળતા રહેવામાં વધારે જોખમ છે. આમાં સ્ત્રી-પુરુષ બંનેએ સારી પેઠે શારીરિક તથા માનસિક ઊઠ-બેસ કરવી પડશે, ચિત્તને કેળવવું પડશે. મોહની ક્ષણોમાં, વિકારોની પળોમાં શરીરને ખાળવું પડશે, ચિત્તને ખેંચવું પડશે. પોતાની જાતના કડક દારોગાદાર થવું પડશે. આ પ્રકારની તપસ્યાભૂમિ પર સ્ત્રી-પુરુષ-સંબંધનું જે ફૂલ ફોરમશે,

તેમાં નિરપેક્ષ, નિઃસ્વાર્થ શુદ્ધ સખ્યસંબંધની અનેક નવી ક્ષિતિજો માનવજગત સમક્ષ ખીલી શકશે.

૫. પરસ્પર સ્વાતંત્ર્યનો, સ્વતંત્ર હસ્તીનો સ્વીકાર એ તો માનવીય સબંધની અલ્પતમ માગ છે. લોકશાહી-યુગની એ પાયાની ભૂમિકા છે. પરસ્પર સ્વાતંત્ર્યના સ્વીકાર વગર લોકશાહીનું બી વાવી જ ન શકાય. આ વિચારબીજને સાકાર કરવા માટે પરસ્પર સમર્પણનું ખાતર નાખવું પડશે. અત્યાર સુધી સ્ત્રી-પુરુષ-સંબંધમાં સમર્પણ એક જ દિશામાં કામ કરતું રહ્યું છે. સ્વૈચ્છિક સમર્પણ પણ જો એકાંગી અને એકદેશીય જ હોય તો પણ તેમાં ઊણપો રહી જાય છે. પુરુષના વ્યક્તિત્વવિકાસ માટે પણ એ જરૂરી છે કે સમર્પણગંગામાં સ્નાન કરીને એ પોતાની માનસિક કાયાને કાંચનશુદ્ધ કરે.

૬. સ્ત્રી-પુરુષ-સંબંધને સમાન ભૂમિકાએ લઈ જવો હશે, એને મૈત્રીની ભૂમિકા આપવી હશે તો યુગોથી પાછળ પડી ગયેલી નારીચેતનાને પ્રોત્સાહન આપવા પ્રાથમિકતા આપવી પડશે. દાખલા તરીકે, કોઈ એવો કાર્યક્રમ હોય જેમાં કૌટુંબિક સંજોગોને કારણે બંને જઈ શકે તેમ ના હોય તો પસંદગી પત્નીને મળવી જોઈએ.

૭. ગૃહસ્થજીવનમાં ચાલુ કાર્યો કરવાની સાથોસાથ શોખ કે રસના વિષય પાછળ સમય-પૈસા ખર્ચવાને અવકાશ હોય તો સામાન્યતઃ પતિના શોખ પાછળ ખર્ચાય છે. પત્નીને પણ પોતાનો કોઈ આગવો રસ હોય છે અને એ રસ કેળવાય તો એની પ્રતિભા પણ ખીલી શકે એવો વિચાર કરી કુટુંબની જવાબદારીઓનો વિચાર કરવામાં આવતો નથી. કુટુંબને ભોગે રસ પોષનારી સ્ત્રી પર જે છાણાં થપાય તેની તો કલ્પના જ કરવી રહી, પણ કુટુંબને સાચવી લઈને પણ શોખ પૂરા પાડવાની વૃત્તિ પર પ્રહાર થતા રહે છે. આ બાબતમાં પણ સ્ત્રીને અગ્રિમતા અપાવી જોઈએ.

૮. માતૃત્વ એ નારીજીવનનું એક અનુપમ ગૌરવ છે એ વાત સ્વીકારી લઈએ તો પણ બાળકના સર્વાંગી વિકાસની દૃષ્ટિએ બાળઉછેરમાં પિતૃત્વ પણ પર્યાપ્ત ફાળો નોંધાવે એ જરૂરી લાગે છે. બાળકનું ખાતું તો જાણે સ્ત્રીઓનું જ ખાતું હોય એ રીતે પુરુષ તે તરફ બેધ્યાન અને નફકરો જોવા મળે છે. પરિણામે માના જીવનમાં યાંત્રિકતા આવી જાય છે, જેની અસર બાળચિત્ત પર પડે છે. હવેના યુગમાં રસોઈ, ગૃહકાર્યની જેમ બાળઉછેરના કાર્યમાં પણ પુરુષની ગૌણ ભાગીદારી નોંધાય તે જરૂરી છે. બાળસંગોપનમાં પિતાનું સહકર્તૃત્વ જોડાશે તો તે બાળક અને મા-બાપ એમ ત્રણેયને માટે ઉપકારક જ સિદ્ધ થશે.

તપાસવા બેસીએ તો હજી આવા અનેક મુદ્દા મળી શકે. પરિવર્તન રાતોરાત થઈ ના શકે, પરંતુ દિશા તો બદલી શકાય. પ્રશ્નો ઉકેલવાની ભારતની પોતાની આગવી પદ્ધતિઓ હોય છે. પરસ્પર સંઘર્ષનો વાવંટોળ ઊભો કર્યા સિવાય, પરિસ્થિતિમાં છુપાયેલા પડકારનો તાગ પામી લેવાનું બુદ્ધિ ભારતીય પુરૂષસમાજ દાખવશે તેવી આશા અસ્થાને નથી. હકીકતમાં તો જેનો પ્રશ્ન હોય તેણે તે ઉકેલવો રહ્યો, પણ નારીજીવનનો પ્રશ્ન તે માત્ર નારીસમાજનો પ્રશ્ન નથી, એ મનુષ્યસમાજનો પ્રશ્ન છે અને એની સાથે પુરુષવર્ગને પણ એટલી જ નિસ્બત છે જેટલી નારીને છે.

ધર્માનંદ કોસાંબીએ એક સ્થળે લખ્યું છે કે સમાજમાં અહિંસાનો વિકાસ કેટલો થયો છે તે માપવો હોય તો જે - તે સમાજની સ્ત્રીઓની સ્થિતિ એ અચૂક માપદંડ છે. અહિંસા શરીરથી ઉપર ઊઠેલી શક્તિનું પ્રતીક છે, એ અંદરની આત્મિક શક્તિ છે. સ્ત્રી-પુરુષ-સંબંધમાં આ આંતરિક તત્ત્વ જેમ જેમ વધુ વિકસતું જશે તેમ તેમ તેમાં સખ્ય પાંગરતું જશે. સ્ત્રી-પુરુષ-સંબંધ સ્વસ્થ ભૂમિકા પર રચાશે તો આખો સમાજ સુદૃઢ પાયા પર મુકાઈ જશે તે નિર્વિવાદ છે.

●●●

## લેખિકાનાં પ્રાપ્ય પુસ્તકો

| | |
|---|---|
| જીવનસંધ્યાનું સ્વાગત | ૨૦-૦૦ |
| બાળક: પ્રભુનો પ્રેમપત્ર | ૨૦-૦૦ |
| સ્વયં સિદ્ધાનાં આરોહણ | ૬૦-૦૦ |
| સાગર પંખી (ભાવાનુવાદ) | ૨૦-૦૦ |
| પ્રેમ કરવાની કળા | ૧૫-૦૦ |
| યાત્રા અંત:શાંતિની | ૧૫-૦૦ |
| નારી! તું તારિણી | ૩૦-૦૦ |
| જીવનનું અંતિમ પર્વ | ૪૦-૦૦ |
| મહેંકતા દીવડા | ૩૦-૦૦ |
| શીલ ભારતી | ૩૦-૦૦ |
| પર્ણમર્મર | ૩૦-૦૦ |
| ગુલમહોરી છાંયડા | ૩૦-૦૦ |
| વાસંતી ફૂલ | ૩૦-૦૦ |

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130327
Date 13-9-2010
SIMLA

પ્રાપ્તિ સ્થાન

મીરા ભટ્ટ
૪૪૭/બી
શિશુવિહાર સામે
ભાવનગર-૩૬૪ ૦૦૧
ફોન : ૦૨૭૮-૨૪૨૦૪૧૦

લિપિઝ મીડિયા
બી/૧૦, અભિષેક કોમ્પલેક્સ
ટર્નીંગ પોઈન્ટ પાછળ
વાઘાવાડી રોડ, ભાવનગર-૧
ફોન: ૦૨૭૮-૨૫૨૪૩૯૪

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## પુત્ર જન્મનાં વધામણાં

પ્રભુએ બંધાવ્યું મારું પારણું રે લોલ
પારણીએ ઝૂલે ઝીણી જ્યોત રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ....
નભથી પધારી મારી તારલી રે લોલ
અંગે અંગે તે ઓતપ્રોત રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ...
લેજો લેજો રે લોક એના વારણા રે લોલ
પુત્રી તો આપણી પુનાઈ રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ...
ઓસરીએ, આંગણીએ, ચોકમાં રે લોલ
વેણીનાં ફૂલની વધાઈ રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ...
અમૃત દેવોનું દિવ્યલોકમાં રે લોલ
લાડલી આ લાવી ઘેર ઘેર રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ...
સરખાં સૌ હેત એને સીંચજો રે લોલ
લીલાં સપનાંની જાણે લ્હેર રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ...
ગૌરીના ગીતની એ ગુલછડી રે લોલ
દુર્ગાના કંઠનો હુંકાર રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ...
બાપુની ઢાલ બને દીકરો રે લોલ
કન્યા તો તેજની કટાર રે
અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ
ઊગમણે પોર રત
આથમણી સાં
અદકાં અજવાળાં એ
રમતી રાખો રે એ
આભથી ઊંચેર
અદકાં અજવાળાં એ

Library IIAS, Shimla
GJ 891.478 B 469 S
00130327

SABARMATI ASHRAM
001124 Ahmedabad
SHTREE SHAKTI GUJ.
J
MRP:Rs.20

પરમ પ્રકાશન
કિંમત રૂ. ૨૦/-